પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૨૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૨૨-૦૧-૨૦૨૨ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### અમર જવાન જ્યોતિ વોર મેમોરિયલમાં પ્રગટાવાઈ

# ૫૦ વર્ષથી ચાલતી જ્યોતિની જગ્યા બદલાઈ, મશાલથી વોર મેમોરિયલની જ્યોતિમાં વિલીન કરાઈ

નવીદિલ્હી,

અમર જવાન જ્યોતિને પાકિસ્તાનની વિરુદ્ધ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન શહીદ થનાર ૩,૮૪૩ ભારતીય જવાનોની યાદમાં બનાવવામાં આવી હતી દિલ્હીમાં ૫૦ વર્ષથી ઈન્ડિયા ગેટની ઓળખ બની ગયેલી અમર જવાન જ્યોતિને વોર મેમોરિયલની જ્યોતિમાં વિલીન કરવામાં આવી છે. શુક્રવારે બપોરે ૩.૩૦ વાગ્યે આ સમારંભ શરૂ કરવામાં આવ્યો હતો. અમર જવાન જ્યોતિને સંપૂર્ણ સૈન્ય સન્માનની સાથે મશાલ દ્વારા વોર મેમોરિયલમાં લાવવામાં આવી છે.

અમર જવાન જ્યોતિ પર પુષ્પ ચઢાવીને તેનું સન્માન કરવામાં આવ્યું.મશાલો દ્વારા અમર જવાન જ્યોતિને વિલીન કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી.મિલિટ્રી બેન્ડ અને પરેડ દ્વારા જ્યોતિને વોર મેમોરિયલ લઈ જવામાં આવી.વોર મેમોરિયલ પર પ્રગટાવાયેલી જ્યોતિને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું.મશાલ દ્વારા અમર જવાન જ્યોતિને વોર મેમોરિયલમાં મેળવવામાં આવી.સૌથી પહેલા અમર જવાન જ્યોતિને સલામી આપવામાં આવી.

આ જ્યોતિને હટાવવાને લઈને સમર્થન અને વિરોધ એમ બંને પ્રકારના નિવેદનો આવી રહ્યાં છે. બીજી તરફ સરકાર સાથે જોડાયેલા સૂત્રોનો દાવો છે કે આ જ્યોતિને ઓલવવામાં આવવાની નથી, તેને માત્ર ખસેડવામાં આવી રહી છે.



અમર જવાન જ્યોતિ પર પ્રગટી રહેલી જ્યોતિ ૧૯૭૧ અને અન્ય યુદ્ધમાં શહીદ થનાર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતી હતી પરંતુ તેમાંથી કોઈનું પણ નામ અહીં લખવામાં આવ્યું નહોતું. બીજી તરફ વિપક્ષો તેને શહીદોનું અપમાન કહે છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે કેટલાક લોકો દેશપ્રેમ અને બલિદાનને સમજી શકતાનથી. કંઈ વાંધો નહિ...અમે આપણા સૈનિકો માટે અમર જવાન જ્યોતિને એક વખત ફરીથી લાવીશું.

અમર જવાન જ્યોતિને પાકિસ્તાનની વિરુદ્ધ ૧૯૭૧ના યુદ્ધ દરમિયાન શહીદ થનાર ૩,૮૪૩ ભારતીય જવાનોની યાદમાં બનાવવામાં આવી હતી. તેને ૧૯૭૨માં પ્રગટાવવામાં આવી હતી. તત્કાલીન વડાપ્રધાન ઈન્દીરા ગાંધીએ ૨૬ ફેબ્રુઆરી ૧૯૭૨ના રોજ તેનું ઉદ્ઘાટન કર્યું હતું.

નેશનલ વોર મેમોરિયલનું નિર્માણ કેન્દ્ર સરકારે ૨૦૧૯માં કર્યું હતું. તેને ૧૯૪૭માં દેશની આઝાદી પછીથી અત્યાર સુધીમાં શહીદ થયેલા ૨૬,૪૬૬ ભારતીય જવાનોના સન્માનમાં બનાવવામાં આવી હતી. ૨૫ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ સ્મારકનું ઉદ્ઘાટન કર્યું હતું.સરકાર તરફથી અમર જવાન જ્યોતિને ઈન્ડિયા ગેટથી હટાવીને નેશનલ વોર મેમોરિયલ લઈ જવા અંગે વિવિધ પ્રકારના નિવેદનો પ્રકાશમાં આવ્યા છે. ઘણા બધા પૂર્વ સૈનિકોએ તેને પોતાની ભાવનાઓ સાથે જોડાયેલી હોવાનું કહીને તેને ન હટાવવા માટે પણ અપીલ કરી છે. ડિસેમ્બર ૨૦૨૧માં ભારત-પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધને ૫૦ વર્ષ પૂર્ણ થયા છે.

ખૂબ જ દુઃખની વાત છેકે આપણા વીર જવાનો માટે જે અમર જ્યોતિ પ્રગટી હતી, તેને આજે ઓલવી નાંખવામાં આવશે. કેટલાક લોકો દેશપ્રેમ અને બલિદાનને સમજી શકતા નથી- કંઈ વાંધો નહિ અમે આપણા સૈનિકો માટે અમર જવાન જ્યોતિને ફરી એક વખત પ્રગટાવીશું.

ઉલ્લેખનીય છે કે ૪૨ મીટર ઉંચા ઈન્ડિયા ગેટનું નિર્માણ બ્રિટિશ સરકારે કર્યું હતું. બ્રિટિશ સરકારે ૧૯૧૪-૨૧ની વચ્ચે પ્રથમ વિશ્વ યુદ્ધ અને ત્રીજા અફઘાન યુદ્ધમાં બ્રિટિશ સેના તરફથી શહીદ થનાર ૮૪,૦૦૦ ભારતીય સૈનિકોની યાદમાં તેને બનાવ્યો હતો. તેની પર સૈનિકોના નામ પણ કોતરવામાં આવ્યા છે.સરકારી સૂત્રોએ જણાવ્યું કે અમર જવાન જ્યોતિને ઓલવવામાં આવી રહી નથી. તેનો નેશનલ વોર મેમોરિયલ પર પ્રગટી રહેલી જ્યોતિની સાથે વિલય કરવામાં આવી રહ્યો છે.સૂત્રોએ કહ્યું કે આ વાત સમજાય નહિ તેવી વાત હતી કે અમર જવાન જ્યોતિ પર પ્રગટી રહેલી જ્યોત ૧૯૭૧ અને અન્ય યુદ્ધોમાં શહીદ થનાર સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતી હતી, જોકે આ પૈકી કોઈનું પણ નામ અહીં લખવામાં આવ્યું નહોતું.

ઈન્ડિયા ગેટ પર જે નામ લખવામાં આવ્યા છે, તે એ સૈનિકોના છે, જે વર્લ્ડ વોર-૧ અને એન્ગલો-અફઘાન વોરમાં શહીદ થયા હતા. આપણી ગુલામીના દિવસોની યાદ આપે છે. ૧૯૭૧ના યુદ્ધ સહિત બાકીના તમામ યુદ્ધોમાં શહીદ થનાર સૈનિકોના નામ નેશનલ વોર મેમોરિયલમાં નોંધાયેલા છે. આ કારણે ત્યાં જ્યોતિ પ્રગટાવવી તે તેમના પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ હશે. એ મોટી અચરજની વાત છે કે જે લોકોએ ૭૦ વર્ષમાં નેશનલ વોર મેમોરિયલ ન બનાવ્યું, તે હવે આપણા શહીદ સૈનિકોને સાચી શ્રદ્ધાંજલિ આપવા અંગેનો વિવાદ કરી રહ્યાં છે.

### દિલ્હીમાં ઠંડીએ તોડયો ૭ વર્ષનો રેકોર્ડ

# આગામી બે દિવસ દેશનાં ઘણા રાજ્યોમાં વરસાદ પડે તેવી આગાહી કરવામાં આવી

નવીદિલ્હી,

ઠંડી સામે ઝઝૂમી રહેલા દિલ્હી-એનસીઆર, હરિયાણા, રાજસ્થાન, યુપી, બિહાર, ઝારખંડ અને પંજાબનાં લોકોને હજુ રાહત મળવાની આશા દેખાતી નથી. દેશનાં ઘણા રાજ્યોમાં વરસાદની અપેક્ષા છે. જાન્યુઆરીનું છેલ્લું અઠવાડિયું આવવાનું છે. સામાન્ય રીતે આ હવામાનનાં મૂડમાં ફેરફાર કરવાનો સમય છે. પરંતુ અત્યારે એવું થતું હોય તેવું લાગતું નથી. ઠંડી ઘટવાને બદલે વધી રહી છે.

હવામાન વિભાગ અનુસાર, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની હિલચાલને કારણે ઉત્તર ભારત અને રાજસ્થાનનાં વિસ્તારોમાં એક-બે દિવસમાં તાપમાનમાં વધુ ઘટાડો થશે. તેમજ ઉત્તર ભારતનાં પહાડોમાં હિમવર્ષાનાં કારણે શીત લહેરનો સમયગાળો શરૂ થઈ શકે છે. આગામી ૨ દિવસ દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં છૂટાછવાયા સ્થળોએ હિમવર્ષા અને વરસાદની સંભાવના છે. આ સિવાય પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને પશ્ચિમમાં વરસાદ પડી શકે છે. ૨૦ અને ૨૧ તારીખે ઉત્તર પ્રદેશ અને પૂર્વ રાજસ્થાનમાં વરસાદની સંભાવના છે. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, રાજસ્થાન અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં મજબૂત સપાટી પરનાં પવનની શક્યતા છે. તેની સ્પીડ ૨૦ થી ૩૦ **kmph** હોઈ શકે છે. તેથી, તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધવામાં આવશે. ૨૧ અને ૨૨ જાન્યુઆરી દરમિયાન પૂર્વોત્તર ભારતમાં પણ વરસાદની સંભાવના છે. સ્કાયમેટ વેધર અનુસાર, આગામી ૨૪ કલાક દરમિયાન આંદામાન અને નિકોબાર ટાપુઓમાં એક કે બે જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશમાં હળવાથી મધ્યમ વરસાદ અને મણિપુર, મિઝોરમ અને નાગાલેન્ડમાં હળવા વરસાદની શક્યતા છે. રાષ્ટ્રીય રાજધાનીમાં ગુરુવારે સવારે ધુમ્મસ છવાયું હતું અને હવામાન વિભાગે આગામી ચોવીસ કલાકમાં હળવો વરસાદ અને ધુમ્મસની આગાહી કરી છે. ગુરુવારે શહેરમાં મહત્તમ તાપમાન ૧૯.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સીઝનની સરેરાશ કરતાં બે ડિગ્રી ઓછું હતું.

# રાજ્યમાં ૨ દિવસ કમોસમી વરસાદની આગાહી કરાઈ

અમદાવાદ,

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે અને શિયાળાની સિઝનમાં વિપરીત વાતાવરણ સર્જાયું છે વાતાવરણની અસર કૃષિ પાક ઉપર જોવા મળી રહી છે શિયાળામાં વારંવાર વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થઈ રહ્યું છે અને તે ગુજરાત તરફ આવી રહ્યું છે જેના કારણે કમોસમી વરસાદ થતાં ખેડૂતોને મોટું નુકસાન થયું છે અને ફરી એક વખત હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે આગામી ૪૮ કલાક સૌરાષ્ટ્ર કચ્છ અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે તો આવતી કાલે અમદાવાદ ગાંધીનગર સહિત પૂર્વ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે.

સાબરકાંઠા મહેસાણા પાટણ બનાસકાંઠા કચ્છ દ્વારકા જામનગર પોરબંદર મોરબી અમદાવાદ ગાંધીનગર ખેડા આણંદ દાહોદ મહીસાગર પંચમહાલ વડોદરા ભરૂચ સુરત રાજકોટ અમરેલી ભાવનગર ગીર સોમનાથમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ શહેર સહિત અનેક વિસ્તારમાં ગાઢ ધુમ્મસ જોવા મળ્યું હતું.જેથી વિઝીબિલિટી ઘટી જતાં વાહનચાલકો પરેશાન થયા હતાં ઝાકળના કારણે કૃષિ પાકને નુકસાન થવાની ચિંતા ખેડૂતોને સતાવી રહી છે ઝાકળની બુંદો લીલા પાન પર પડશે.અને પાન પીળા પડી જાય છે.શિયાળા માં સૂકા અને ઠંડુ વાતાવરણ રહેતું હોય છે.જેના કારણે સૂકું અને ઠંડુ વાતાવરણ અનુકૂળ હોય તેવા પકનું વાવેતર શિયાળામાં થતું હોય છે.શિયાળામાં વિપરિત વાતાવરણ સક્રિય થઈ રહ્યું છે.જેના કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે ૨૧ અને ૨૨ કમોસમી વરસાદ કમોસમી રહેશે અને ૨૨ તારીખથી ફરી એક વખત લઘુતમ તાપમાનનો પારો ગગડશે જેના કારણે કડકડતી ઠંડીનો અહેસાસ લોકો કરશે.હવામાન નિષ્ણાતો અંબાલાલ પટેલે પણ જણાવ્યું છે કે બે દિવસ બાદ તાપમાનમાં ઘટશે અને ગુજરાતમાં કડકડતી ઠંડીનો અહેસાસ થશે. ૨૯ જાન્યુઆરી સુધી ઠંડી રહેશે.

# ૨૦૨૨માં બેરોજગારનો આંકડો ૨૦ કરોડને પાર થઈ જશે!

નવીદિલ્હી,

કોરોનાવાયરસ રોગચાળા વચ્ચે, વિશ્વભરમાં નાના ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે. પરિણામે, લગભગ તમામ મોટી અર્થવ્યવસ્થાઓમાં બેરોજગારીનો દર ઝડપથી વધ્યો છે. હવે ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશનના રિપોર્ટમાં ભવિષ્યને લઈને કેટલીક વધુ ભયાનક બાબતો સામે આવી છે. તે કહે છે કે બેરોજગારીનો આ ફટકો ૨૦૨૩ સુધી ચાલુ રહી શકે છે.રિપોર્ટમાં એવું કહેવામાં આવ્યું છે કે ઓછામાં ઓછા બે વર્ષ સુધી એટલે કે ૨૦૨૩ સુધી રોજગારનો આંકડો કોરોના રોગચાળા પહેલાના સ્તર પર પાછા આવી શકશે નહીં. એટલે કે બેરોજગારી અત્યારે આ સ્તરે જ રહેશે.આઈએલઓ અનુસાર, ૨૦૨૨માં વિશ્વમાં બેરોજગારોની સંખ્યા ૨૦૦ મિલિયનની નજીક હશે. આ સંખ્યા ૨૦૧૯ના ૧૮ કરોડ ૬૦ લાખ બેરોજગારો કરતાં બે કરોડ ૧૦ લાખ વધુ છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ઘી કુવા ફળીયા ગ્રામ્ય યુવક મંડળ

મુ. ભામૈયા (પ), તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

એમ. સી. પટેલ

મુ. મણીપુર, તા. ગોધરા

### ઉત્તર કોરિયા-અમેરિકા વચ્ચે તણાવ વધશે

# ઉત્તર કોરિયા પરમાણુ શસ્ત્રોના ટેસ્ટની તૈયારીમાં, એક માસમાં ૪ મિસાઈલ ટેસ્ટ

ઉત્તર કોરિયાનાં શાસક કિમ જોંગે ફરી એકવાર પોતાના ખતરનાક ઈરાદા વ્યક્ત કર્યા છે. ઉત્તર કોરિયાએ યુનાઈટેડ સ્ટેટ્સ પર દુશ્મનાવટ અને ધમકીઓને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે, તે અસ્થાયી રૂપે સ્થગિત તે તમામ ગતિવિધિઓ પર ફરીથી કામ શરૂ કરવાનું વિચાર કરશે, જેના પર તેમણએ ટ્રમ્પ તંત્રની સાથે ચાલી રહેલી કૂટનીતિ દરમિયાન વિરામ લગાવી દીધુ હતુ. આ નિવેદન દ્વારા ઉત્તર કોરિયાએ પરમાણુ હથિયારો અને લાંબા અંતરની મિસાઈલનું ટેસ્ટિંગ ફરી શરૂ કરવાનો સંકેત આપ્યો છે.



ઉત્તર કોરિયાની સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે, કિમ જોંગ ઉને સત્તાધારી વર્કર્સ પાર્ટીનાં પોલિટબ્યુરોની બેઠક યોજી હતી. જેમાં અધિકારીઓએ અમેરિકી દુશ્મનાવટ, યુક્તિઓનો સામનો કરવા ઉત્તર કોરિયાની સૈન્ય ક્ષમતાઓને મજબૂત કરવાના હેતુથી નીતિવિષયક ધ્યેયો નક્કી કર્યા હતા અને અસ્થાયી રૂપે સ્થગિત તમામ પ્રવૃત્તિઓ ફરી શરૂ કરવા સંબંધિત મુદ્દાઓ પર વિચાર-મંથન કરવાની સૂચના આપી હતી. ઉત્તર કોરિયાએ તાજેતરમાં તેના શસ્ત્ર પ્રદર્શન કવાયતને વેગ આપ્યો છે. તેણે એક મહિનામાં ચાર મિસાઈલનું ટેસ્ટિંગ કર્યું છે. તેનો હેતુ અમેરિકા સાથે લાંબા સમયથી અટવાયેલી પરમાણુ રાજદ્વારી પર વોશિંગ્ટન પર દબાણ લાવવાનો હોઈ શકે છે. ગયા અઠવાડિયે મિસાઈલ ટેસ્ટિંગ બાદ બિડેન પ્રશાસને તેના પર નવા પ્રતિબંધો લગાવ્યા હતા, ત્યારબાદ ઉત્તર કોરિયાનાં વિદેશ મંત્રાલયે કડક કાર્યવાહીની ચેતવણી આપી હતી. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ઉત્તર કોરિયા અને પરમાણુ નિઃશસ્ત્રીકરણ અંગે ચર્ચા કરવા ગુરુવારે બેઠક બોલાવી છે. દક્ષિણ કોરિયાની સેનાએ કહ્યું કે, ઉત્તર કોરિયાએ સોમવારે સમુદ્રમાં બે શંકાસ્પદ બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી. આ મહિને તેના દ્વારા આ ચોથું લોન્ચિંગ છે. ઉત્તર કોરિયાનું એકમાત્ર ધ્યેય વૈશ્વિક રોગચાળાને પગલે યુએસ સાથેનાં સ્થગિત રાજદ્વારી સંબંધો અને સરહદ બંધ વચ્ચે તેની સૈન્યની શક્તિનું પ્રદર્શન કરવાનું છે.

દક્ષિણ કોરિયાનાં જોઈન્ટ ચીફ્સ ઑફ સ્ટાફે જણાવ્યું હતું કે, ઉત્તર કોરિયાએ સુનાનમાં એક સ્થાન પરથી બે ટૂંકા અંતરની બેલેસ્ટિક મિસાઈલો છોડી હતી, પરંતુ મિસાઈલો કેટલી દૂર સુધી પડી તેની વિગતો તુરંત જ આપી નથી. પ્યોંગયાંગનું સુનાનમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ છે. યુએસ ઈન્ડો-પેસિફિક કમાન્ડે જણાવ્યું હતું કે, મિસાઈલોથી યુએસ કર્મચારીઓ, પ્રદેશ અથવા તેના સહયોગી દેશો માટે તાત્કાલિક કોઈ ખતરો નથી, પરંતુ ઉત્તર કોરિયાનાં ગેરકાયદેસર હથિયાર કાર્યક્રમની અસ્થિર અસરને રેખાંકિત કરે છે. દરમિયાન, જાપાનનાં સંરક્ષણ પ્રધાન નોબુઓ કિશીએ જણાવ્યું હતું કે, મિસાઈલો જાપાનનાં વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની બહાર પડી હતી. વળી, મુખ્ય કેબિનેટ સચિવ હિરોકાઝુ માત્સુનોએ ઉત્તર કોરિયાનાં આ કૃત્યોની નિંદા કરી અને તેને શાંતિ માટે ખતરો ગણાવ્યો.

# ભારતના ખાદ્યતેલના આયાત બિલમાં ૭૫ ટકા જેટલો ચિંતાજનક વધારો

મુંબઈ,

વર્તમાન નાણાં વર્ષના પ્રથમ નવ મહિના એટલે કે એપ્રિલથી ડિસેમ્બર ૨૦૨૧ દરમિયાન ભારતના ખાદ્ય તેલના આયાત બિલમાં ૭૫ ટકા વધારો થઈને રૂપિયા ૧,૦૪,૩૫૪ કરોડ રહ્યું છે. ગયા નાણાં વર્ષના આ ગાળામાં આયાત બિલ રૂપિયા ૫૯૫૪૩ કરોડ રહ્યું હતું, એમ સોયાબીન પ્રોસેસર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (સોપા)એ જણાવ્યું હતું.

ખાદ્ય તેલની આયાતમાં જંગી વધારા પ્રત્યે ચિંતા વ્યકત કરતા સોપાના ચેરમેન ડેવિસ જૈને જણાવ્યું હતું કે, ખાદ્ય તેલની આપણી આયાતમાં વધારો તેલના નિકાસકાર દેશો તથા તેના તેલીબિયાંના ખેડૂતોને સારા ભાવ મળી રહ્યા છે.ઘરઆંગણે ખાદ્ય તેલની ૬૦ ટકા માગ આયાત દ્વારા પૂરી કરવામાં આવે છે.

વિશ્વમાં ભારત ખાદ્ય તેલનો સૌથી મોટો આયાતકાર દેશ છે, માટે તેના નિકાસકારો ભારતની મદદથી સમૃદ્ધ થઈ રહ્યા છે.માગ તથા પૂરવઠાને સમતુલિત બનાવવા ખાદ્ય તેલની આયાત ઊંચા ટેરિફ સાથે થવી જોઈએ. તેલની આયાત ડયૂટીનો ઉપયોગ ઘરઆંગણે તેલીબિયાં ક્ષેત્રના વિકાસ માટે થવો જોઈએ એમ પણ તેમણે સૂચન કર્યું હતું.

# છત્તીસગઢમાં નકસલીઓએ ત્રણ આદિવાસીઓની હત્યા કરી

બીજાપુર,

છત્તીસગઢના બીજાપુરમાં નકસલીઓએ ક્રુરતાની હદો પાર કરી દીધી છે.હકીકતમાં અહીં નકસલીઓએ પહેલા જન અદાલત લગાવી ત્યારબાદ તેમાં સામેલ ત્રણ આદિવાસીઓની નિર્મમ હત્યા કરી દીધી.તેમાં બે યુવક અનો એક યુવતી સામેલ છે.નકસલીઓએ મૃતકો પર પોલીસને માહિતી આપવાનો આરોપ લગાવી હત્યા કરી દીધી છે. આ ઘટના ગંગાલુર પોલીસ સ્ટેશનના ઈડિનારમાં બની હતી.જયાં નકસલીઓએ મહિલા માંગી અને કમલુ પુનમ અને સહિતના એક પુરૂષ પર પોલીસનો બાતમીદાર હોવાનો આરોપ લગાવ્યો અને તેમને મોતની સજા સંભળાવી અને ગ્રામીણોની હાજરીમાં તેમની હત્યા કરી દીધી.

બીજાપુર એસપી કમલોચન કશ્યપે કહ્યું કે સંબંધમાં તમામ માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે ત્યારબાદ આ બાબતે કંઈ કહી શકાશે હાલ ગ્રામીણ વિસ્તારોમાં ભયનું વાતાવરણ છે.

# દિલ્હીમાં વીકએન્ડ કર્ફ્યુ યથાવત રહેશે, લેફ્ટનન્ટ ગવર્નરે મંજુરી ન આપી

નવીદિલ્હી,

આ સાથે બજારો પણ ઓડ-ઈવન ફોર્મ્યુલા પર ખુલશે. કોવિડ કેસ ઘટતા દિલ્હી સરકારે આ પ્રતિબંધોને દૂર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પરંતુ લેફ્ટનન્ટ ગવર્નર અનિલ બૈજલે તેમને મંજૂરી આપી નથી.

જો કે, હવે દિલ્હીમાં ખાનગી ઓફિસો ૫૦ ટકા સ્ટાફ સાથે ફરી ખુલી શકશે. કેજરીવાલ સરકારના આ પ્રસ્તાવને ઉપરાજ્યપાલે સ્વીકારી લીધો છે. જણાવી દઈએ કે દિલ્હીમાં કોરોનાના કેસ વધવાને કારણે ઘણા નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આમાં વીકએન્ડ કર્ફ્યુ, દુકાનો માટે ઓડ-ઈવન સિસ્ટમનો પણ સમાવેશ થાય છે. ડબ્લ્યુએફએચનો અમલ ખાનગી ઓફિસોને સંપૂર્ણપણે બંધ કરીને કરવામાં આવ્યો હતો. દુકાનો માટે લાગુ કરવામાં આવેલ ઓડ-ઈવન સિસ્ટમનો પણ ભારે વિરોધ થઈ રહ્યો છે. હાલમાં, દિલ્હીમાં કોવિડના કેસોની સંખ્યામાં ઘટાડો થયો છે, પરંતુ દેશમાં કેસ સતત વધી રહ્યા છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કેસ નોંધાયા છે. ૩,૪૭,૨૫૪ નવા કેસ સામે આવ્યા છે જ્યારે કોરોનાને કારણે ૭૦૩ લોકોના મોત થયા છે. કોરોના કેસની આ સંખ્યા ગઈકાલ કરતા લગભગ ૩૦ હજાર વધુ છે. આ સિવાય ઘણા મહિનાઓ પછી ૭૦૦થી વધુ લોકોના મોત થયા છે. રાજધાની દિલ્હીમાં ૧૨૩૦૬ કોરોના કેસ જોવા મળ્યા હતા અને ૪૬ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# વસિયતનામું બનાવ્યા વિના પિતાનુ નિધન થાય તો પણ દિકરીઓને સંપત્તિમાં હક : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી,

સુપ્રીમ કોર્ટે એક મહત્વના નિર્ણયમાં કહ્યુ છે કે જો કોઈ હિંદુ વ્યક્તિનુ વસિયત બનાવ્યા વિના મૃત્યુ થઈ જાય તો તેની સ્વઅર્જિત તેમજ અન્ય સંપત્તિઓમાં તેમની પુત્રીઓને હક મળશે. દિકરીઓને પિતાના ભાઈઓના બાળકોની તુલનામાં સંપત્તિમાં પસંદગી મળશે.

સુપ્રીમ કોર્ટે આ નિર્ણય હિંદુ મહિલાઓ અને વિધવાઓના હિંદુ ઉત્તરાધિકાર કાનૂનમાં સંપત્તિઓના અધિકારોને લઈને આપ્યો છે. ગુરૂવારે સંભળાવવામાં આવેલા સુપ્રીમ કોર્ટે કહ્યુ કે જો કોઈ હિંદુ વ્યક્તિ વસિયત કર્યા વિના મૃત્યુ પામે છે તો તેમની સ્વઅર્જિત સંપત્તિ કે પારિવારિક વારસામાં મળેલી સંપત્તિમાં દિકરીઓની ભાગીદારી રહેશે. દિકરીઓને મૃત પિતાના ભાઈના બાળકોની તુલનામાં સંપત્તિમાં પસંદગી કરવામાં આવશે. મૃત પિતાની સંપત્તિની વહેંચણી તેમના બાળકો દ્વારા અંદરોઅંદર કરવામાં આવશે. જસ્ટિસ એસ.અબ્દુલ નજીર અને જસ્ટિસ કૃષ્ણ મુરારીની બેન્ચે ૫૧ પાનાના નિર્ણયમાં આ વાત કરી છે.

કોર્ટે પોતાના નિર્ણયમાં આ પ્રશ્નનો પણ નિકાલ કર્યો છે કે શુ સંપત્તિ દિકીઓને તેમના પિતાની મૃત્યુ પર કે કોઈ અન્ય કાનૂની ઉત્તરાધિકારીની અનુપસ્થિતિમાં પિતાના ભાઈના પુત્રના જીવિત રહેવા પર પણ હસ્તાંતરિત રહેશે? આની પર સુપ્રીમ કોર્ટે કહ્યુ કે પિતાની સ્વઅર્જિત કે પારિવારિક રીતે મળેલી સંપત્તિમાં કોઈ વિધવા કે દિકરીનો હક ના માત્ર જૂના પરંપરાગત હિંદુ કાયદામાં પરંતુ વિભિન્ન ન્યાયિક નિર્ણયોમાં પણ કાયમ રાખવામાં આવ્યો છે.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લામાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રાજય કક્ષાની ટીમે કરેલ આંતરીક સર્વેક્ષણ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,
રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ હેઠળ ટી.બી.મુક્ત ભારત અભિયાન અંતર્ગત મહીસાગર જીલ્લામાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણના ટી.બી.વિભાગના રાજ્ય ક્ષય તાલીમ અને નિદર્શન કેન્દ્ર, અમદાવાદની ૦૯ સભ્યોની રાજયકક્ષાની ટીમ ઈન્ટરનલ ઈવ્યુંલેસનની કામગીરી અર્થે તારીખ- ૧૮/૦૧/૨૦૨૨ થી ૨૧/૦૧/૨૦૨૨ સુધી મહીસાગર જીલ્લા ખાતે ટી.બી. નિર્મૂલન કામગીરીનું સપોર્ટિવ સુપરવિઝન અને મોનીટરીંગ કરવા તેમજ જીલ્લાની ટીમને માર્ગદર્શન પુરૂં પાડવા જીલ્લાની મુલાકાતે આવેલ છે.

આ ટીમ દ્વારા ગતવર્ષના ટીબીના દર્દીઓના રેકર્ડનું ટ્રાયલેશન કરવામાં આવ્યું. તેમજ ખાનગી હોસ્પિટલોની મુલાકાત લઈ તબીબોની ટી.બી.ની કામગીરીમાં સરકારની ગાઈડલાઈન પ્રમાણે જોડાવા અંગે પ્રયત્નો કરવામાં આવ્યા. ટીમના સભ્યો દ્વારા જીલ્લાના તમામ ૬ તાલુકાની મુલાકાત લઈ ૩૬ ટીબીના દર્દીઓની રૂબરૂ મુલાકાત કરી તેઓને સરકાર દ્વારા મળતી સેવાઓની સમીક્ષા કરવામાં આવી. વધુમાં ટીમ દ્વારા ૮ પ્રા.આ.કેન્દ્ર/સા.આ.કેન્દ્ર અને ૪ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરની મુલાકાત લઈ સ્થાનિક ટીમને રાષ્ટ્રીય ટીબી.નિર્મૂલન કામગીરી સઘન કરવા માટે માર્ગદર્શન પુરૂં પાડવામાં આવ્યું.

આરોગ્ય અને પરિવાર વિભાગના સંયુક્ત નિયામક ટી.બી., ડો.સતીષ મકવાણાએ ૨૦મીએ જીલ્લાની મુલાકાત લઈ જિલ્લાને ટીબી મુક્ત બનાવવાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માર્ગદર્શન પુરૂં પાડવા જિલ્લાની વિવિધ હોસ્પિટલની તથા જીલ્લા ક્ષય કેન્દ્ર, લુણાવાડાની મુલાકાત લેવામાં આવી. સાથે જીલ્લા વિકાસ અધિકારી અને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લાના તમામ તાલુકાના તાલુકા હેલ્થ અધિકારીઓ તથા જીલ્લાના ટીબી કાર્યક્રમમાં સંકળાયેલા તમામ અધિકારી/કર્મચારી સાથે સંકલન બેઠક કરી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને રચનાત્મક સુચનો કરવાની સાથે હાલમાં સરકારની ગાઈડલાઈન મુજબ કોવિડના તમામ શંકાસ્પદ દર્દીઓને જેઓને કોવીડના ટેસ્ટ નેગેટીવ હોય તો આવા દર્દીઓને ટી.બી. હોવાની શક્યતાઓ ધ્યાને લઈ તાત્કાલીક ટીબીની તપાસ કરવા અપીલ કરવામાં આવી હતી.

# શહીદ દિન-૩૦મી જાન્યુઆરી : શહીદો પ્રત્યેનું ઋણ અદા કરવાનો અવસર

લુણાવાડા,
ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે તેવા શહીદોની સ્મૃતિમાં ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૨ને રવિવારના રોજ શહીદ દિને સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનારા શહીદવીરોને માન અર્પણ કરાશે. સમગ્ર રાજ્યમાં શક્ય હોય તેટલા પ્રમાણમાં કામકાજની અને વાહનવ્યવહારની ગતિને આ બે મિનિટ સુધી બંધ રાખવા ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા જણાવાયું છે.

રવિવાર તા. ૩૦મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ સવારે ૧૦.૫૯ થી ૧૧.૦૦ કલાક સુધી સાયરન વગાડાશે. સાયરન બંધ થાય કે તુરંત જ જ્યાં કાર્ય કરતા હોય તેવા બધા જ સ્થળોએ કામ કરનાર સૌ પોતપોતાની જગ્યાએ શાંત ઉભા રહી મૌન પાળે, જ્યાં શક્ય હોય ત્યાં વર્કશોપ, કારખાના અને કચેરીઓનું કામકાજ બંધ રાખવામાં આવે. આકાશવાણી બે મિનિટ પોતાના કાર્યક્રમ બંધ રાખે અને રસ્તાઓ પરના વાહનવ્યવહાર શક્ય હોય ત્યાં સુધી થોભે તે જોવા વિનંતી કરવામાં આવી છે. સાથે સાથે ૧૧.૦૦ વાગે ઉપડતી ટ્રેનો અને વિમાનોને તેમના મથકે બે મિનિટ માટે થોભે તે જોવા પણ વિનંતી કરાઈ છે. મૌનનો સમય પૂરો થયો છે એમ બતાવવા બરાબર ૧૧.૦૨ થી ૧૧.૦૩ કલાક સુધી સાયરન ફરીથી વાગશે ત્યારે રાબેતા મુજબનું કામકાજ ફરીથી શરૂ કરવું. જે સ્થળોએ સાયરન અથવા અન્ય કોઈ સંકેતની વ્યવસ્થા નથી ત્યાં સવારે ૧૧.૦૦ કલાકે બે મિનિટ મૌન પાળવા માટે સંબંધિતોને જાણ કરતા આદેશો તમામ સંબંધિત કચેરીઓએ બહાર પાડવાના રહેશે.

શહીદવીરો પ્રત્યે ઋણ અદા કરી મૌન પાળવાના આ અવસરને ગૌરવશાળી બનાવવામાં સહયોગ આપવા સૌને અપીલ કરવામાં આવી છે.

# છેલ્લા ૨૪ કલાકમાં ૩ લાખથી વધુ કેસ,૭૦૩ દર્દીનાં મોત

નવીદિલ્હી,
દેશમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે,કેસમાં સતત વધારો થઈ રહ્યો છે, આ ઉપરાંત કોરોનાના સૌથી ઝડપથી ફેલાતા પ્રકાર ઓમિક્રોનના કેસ પણ વધી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ત્રણ લાખ ૪૭ હજાર ૨૫૪ નવા કેસ નોંધાયા છે અને ૭૦૩ લોકોના મોત થયા છે. કોરોનાના ઓમિક્રોન વેરિઅન્ટના અત્યાર સુધીમાં ૯,૬૯૨ કેસ નોંધાયા છે. દેશમાં દૈનિક પોઝિટિવ દર હવે ૧૭.૯૪% છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, હવે દેશમાં સક્રિય કેસની સંખ્યા વધીને ૨૦ લાખ ૧૮ હજાર ૮૨૫ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૪ લાખ ૮૮ હજાર ૩૯૬ થઈ ગઈ છે. માહિતી અનુસાર, ગઈકાલે બે લાખ ૫૧ હજાર ૭૭૭ લોકો સાજા થયા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં ૩ કરોડ ૬૦ લાખ ૫૮ હજાર ૮૦૬ લોકો ચેપ મુક્ત થઈ ગયા હતા. દેશવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૬૦ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. ગઈકાલે ૭૦ લાખ ૪૯ હજાર ૭૭૯ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૬૦ કરોડ ૪૩ લાખ ૭૦ હજાર ૪૮૪ ડોઝ આપવામાં આવ્યા છે.

## હેલ્થ ટીપ્સ

# શું તમે પણ કફથી પરેશાન છો તો આ ઘરગથ્થુ ઉપાયો અપનાવો



કોરોના મહામારીમાં હળવી શરદી અને ઉધરસ પણ ડરવા લાગી છે. જો તમને ગળામાં કફ અને લાળની ફરિયાદ છે, તો આ પણ કોરોના વાયરસના લક્ષણો હોઈ શકે છે. આ વાયરસ લોકોના ગળાને અસર કરે છે. આવી સ્થિતિમાં, જો તમને ઉધરસની ફરિયાદ હોય, તો તમારે સાવચેતી રાખવાની જરૂર છે. જો કે, કેટલીકવાર હવામાનમાં ફેરફારને કારણે ગળામાં દુખાવો પણ થાય છે. આ સિવાય કોઈપણ ઠંડી વસ્તુ ખાવાથી પણ ગળાની સમસ્યા થઈ શકે છે. આવી સ્થિતિમાં, તમે કેટલાક ઘરેલું ઉપચાર દ્વારા ગળામાં ખરાશ અને લાળથી છુટકારો મેળવી શકો છો. ચાલો જાણીએ.

૧- ગોળ- આદુ- જો તમને મોટાભાગે કફની સમસ્યા હોય તો તમે રોજ આદુ અને ગોળ ખાઈ શકો છો. તેનાથી તમને શરદી-ખાંસી અને ગળાના કફમાં ઘણી રાહત મળશે. આ માટે આદુને ગેસ પર ગરમ કરીને પીસી લો. હવે ગોળને થોડો નરમ કરો અને આદુમાં મિક્સ કરો. આને ખાવાથી તમારા ગળાને ઘણી રાહત મળશે.

૨- મધ- આદુ- ગળાના દુખાવા અને કફને દૂર કરવામાં મધ ખૂબ જ અસરકારક માનવામાં આવે છે. જો તમે તેને આદુ સાથે ખાઓ તો તેનાથી શરદી અને ઉધરસની સમસ્યા પણ દૂર થાય છે. તમે આદુને છીણી લો અને તેમાં ૨ ચમચી મધ મિક્સ કરો. હવે આ મિશ્રણને દિવસમાં ૨-૩ વખત ખાઓ.

૩- લીંબુ- ડુંગળીનો રસ- જો તમારી છાતીમાં લાળ જમા થઈ ગઈ હોય તો તમે ડુંગળી અને લીંબુના રસનો ઉપયોગ કરી શકો છો. કફને દૂર કરવા માટે આ ખૂબ જ સારો ઉપાય છે. આ માટે ડુંગળીને છોલીને પીસી લો. હવે તેમાં લીંબુનો રસ નાખીને એક બાઉલમાં ઉકાળો. હવે તેમાં એક ચમચી મધ મિક્સ કરીને પીવો. તેને પીવાથી તમને ઘણી રાહત મળશે.

૪- મધ- કાળા મરી- કાળા મરીમાં એન્ટી બેક્ટેરિયલ ગુણ જોવા મળે છે. જેના કારણે શરીરને રોગો સામે લડવાની ક્ષમતા મળે છે. આ સિવાય ખાંસી અને મ્યુકસની ફરિયાદ હોય તો પણ કાળા મરીનો ઉપયોગ કરવો જોઈએ. તમે કાળા મરીને પીસી લો. હવે તેમાં ૧ ચમચી મધ ઉમેરો અને તેને થોડું ગરમ ??કરો. તમે તેને સવારે અને સાંજે ખાઈ શકો છો.

૫- કાચી હળદર- હળદર ગરમ અસરવાળી હોય છે. તેથી, ઉધરસ અને ઉધરસના કિસ્સામાં હળદરનું સેવન કરવાની સલાહ આપવામાં આવે છે. ઔષધીય ગુણોથી ભરપૂર હળદરનું સેવન કરવાથી શરદીમાં રાહત મળે છે. આ સિવાય ઉધરસ અને શ્લેષ્મ હોય તો પણ કાચી હળદર ખાવાની સલાહ આપવામાં આવે છે. આ માટે કાચી હળદરનો રસ મોંમાં નાખીને થોડી વાર રાખો. તેનાથી કફમાં ઘણી રાહત મળશે. આ સિવાય તમે કાચી હળદરને દૂધમાં ઉમેરીને પણ પી શકો છો.

# સંતરામપુર તાલુકામાં આદિવાસી સમાજમાં એક અનોખા લગ્નની ઉજવણી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
ગામ હિરાપુર સંતરામપુર તાલુકાના રહેવાસી વજુભાઈ ખાંટના સુપુત્ર યતીનભાઈ ખાંટ હાલ તેઓ મોરવા હડપમાં પોસ્ટની અંદર નોકરી કરી રહ્યા છે. તેમના લગ્ન તારીખ ૨૩ જાન્યુઆરી ૨૦૨૨ ના રોજ નોંધાયેલ છે. આ લગ્નમાં આદિવાસી સમાજને તેની સંસ્કૃતિને જાળવી રાખવા માટે એક અનોખો પગલું હાથ ધર્યું છે. જેમાં આદિવાસી સમાજના દેવી-દેવતાઓની સ્થાપન કરવામાં આવી છે અને તેઓએ પોતાના ઘર પર વારલી ચિત્રકળા પોતાના ઘરની દિવાલ કંડારી દીધી છે. ત્યારે આદિવાસી સમાજને એક પોતાની જીવનશૈલીને યાદ આ તો માટેનો પ્રયાસ કર્યો છે. ફક્ત વરલી પેઈન્ટિંગની દીવાલો જ નહીં અહીંયા તો તેઓએ પોતાની લગ્ન કંકોત્રીમાં પણ વારલી આર્ટની લગ્ન કંકોત્રી છાપવામાં આવી છે અને આ લગ્નની અંદર આદિવાસી સમાજના પારંપારિક વાજિંત્રો જેમ કે, ઢોલ, શરણાઈ, કુંડી, થાળી, પાવો જેવા વાજિંત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે સંપૂર્ણ રીતે આદિવાસી સંસ્કૃતિ તરફ વળેલાં એવાં યતીનભાઈ ખાંટની જાનમાં આદિવાસી વસ્ત્રો કપડા પહેરીને પરણવા જવાના છે. જ્યારે આ આદિવાસી સમાજને એક પ્રેરણા અને સંસ્કૃતિનું મૂલ્ય આપવા માટે તેઓએ ૧ વર્ષ પહેલા જ લગ્નની તૈયારીઓની શરૂઆત કરી દીધી હતી.

યાતીનભાઈ ખાંટ જણાવે છે કે, આદિવાસી વિસ્તારમાં અને આદિવાસી ભાઈઓ અને બહેનોએ પોતાની સંસ્કૃતિને ક્યારેય ભૂલવી ન જોઈએ અને આપણી સંસ્કૃતિને પથાવત રાખવી જોઈએ.

# સંતરામપુરમાં બે કોલેજોમાં પોલીસ કોન્સ્ટેબલ પરીક્ષાની પૂર્વ તૈયારી સેમિનાર યોજાયો


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર તથા મતી કુસુમબેન ડામોર એમ.એસ.ડબલ્યુ. કોલેજના સંયુકત ઉપક્રમે પોલીસ કોસ્ટેબલ પરીક્ષાની પૂર્વ તૈયારી માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારના મુખ્ય અતિથી તરીકે ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ મંત્રી પ્રો. ડાૅ. કુબેરભાઈ ડીંડોર ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત રાજયના પૂર્વ એડીશનલ ડી.આઇ.જી. જી.એમ. પારગી એ વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે માર્ગદર્શન પુરું પાડયું હતું. વિશ્વાસ એકેડેમીના સી.ઈ.ઓ. રજનીશ તોમરે વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે સૂક્ષ્મ માહિતી પુરી પાડી હતી. કોલેજના આચાર્ય ડાૅ. અભય પરમારના સ્વાગત પ્રવચનથી શરૂ થયેલા આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન ગુજરાતી વિભાગના અદયક્ષ ડાૅ. શંકરભાઈ પ્રજાપતિએ કર્યું હતું તથા આભાર દર્શન આઈ.કયુ.એ.સી.ના કો. ઓર્ડીનેટર કામીની દશોરાએ કર્યું હતું.

# મંદિરની નજીક સર્કિટ હાઉસ બનતા અનેક લોકોને લાભ મળશે : વડાપ્રધાન મોદી

સોમનાથ,
સોમનાથમાં ૩૦ કરોડના ખર્ચે નવનિર્મિત અતિથિગૃહનું આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવ્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથમાં નવા સર્કિટ હાઉસના ઉદ્ઘાટન સમયે સંબોધનની શરૂઆત 'જય સોમનાથ'થી કરી હતી. આ કાર્યક્રમમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે કહ્યું હતું કે, 'ભગવાન સોમનાથની આરાધાનામાં આપણાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે ભગવાન સોમનાથની કૃપા અવતીરણ હોય છે. હું આ વિકાસ કાર્યને દાદાની કૃપા માનું છું. થોડા સમય પહેલા અહીં અનેક વિવિધ વિકાસ કામના લોકાર્પણ થયા હતા. મંદિરની નજીક સર્કિટ હાઉસ બનતા અનેક લોકોને લાભ મળશે. જે સંજોગોમાં સોમનાથ મંદિરનો નાશ થયો હતો અને જે સંજોગોમાં સરદાર પટેલના પ્રયાસોથી મંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો તે બંનેમાં આપણા માટે મોટો સંદેશ છે.'

તેમણે વધુમાં કહ્યુ કે, 'સોમનાથ મંદિર ટ્રસ્ટે જે રીતે કોરોના કાળમાં યાત્રિકોની કાળજી લીધી, સમાજની જવાબદારી નિભાવી, તેમાં 'જીવ જ શિવ છે'નો વિચાર દેખાય છે.'તેમણે વધુમાં જણાવ્યુ હતું કે, 'યાત્રાળુઓને સર્કિટહાઉસમાંથી સમુદ્ર કિનારો અને સોમનાથ મંદિરના દર્શન પણ થશે. આવનાર સમયમાં સોમનાથ એક ટુરિસ્ટ પોઈન્ટ બની જશે. આ સાથે જ સરકારને સોમનાથ વિકાસ મામલે અભિનંદન પાઠવ્યા છે. સર્કિટ હાઉસ બનતા સુવિધાઓ વધશે.'

પીએમ મોદીએ વધુમાં જણાવ્યુ કે, 'મારા માટે વોકલ ફોર લોકલમાં પ્રવાસન પણ આવે છે. તેમણે તે પણ જણાવ્યુ કે, વિદેશ જવાનું પ્લાનિંગ કરતા પહેલા પરિવારમાં નક્કી કરો કે, પહેલા તમે ભારતના ૧૫-૨૦ પ્રખ્યાત સ્થળોની મુલાકાત લેશો. જો દેશને સમૃદ્ધ બનાવવો હોય તો આ માર્ગ પર ચાલવું પડશે.'નોંધનીય છે કે, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમમાં વર્ચ્યુઅલી જોડાયા હતાં. જ્યારે કેબિનેટ મંત્રી પૂર્ણેશ મોદી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ સાથે સોમનાથ ખાતે સમુદ્ર દર્શન વોક-વે પર ૫૦ હોડીમાં મશાલ સાથે મહાઆરતીનું આયોજન પણ કરવામાં આવ્યુ છે.

## યુપી ચૂંટણી માટે કોંગ્રેસનો યૂથ મેનિફેસ્ટા

# ૨૦ લાખ સરકારી નોકરીની ગેરન્ટી, શિક્ષકોના ૧.૫૦ લાખ ખાલી પદ ભરવામાં આવશે



નવીદિલ્હી,
ઉત્તર પ્રદેશ સહિત પાંચ રાજ્યોમાં એક પછી એક ચૂંટણીના દિવસો નજીક આવી રહ્યા છે. યુપીમાં ૧૦ ફેબ્રુઆરીથી પ્રથમ તબક્કાનું મતદાન શરૂ થશે. આ પહેલા તમામ રાજકીય પક્ષો પોતાના ઉમેદવારોની જાહેરાત કરી રહ્યા છે અને ધીમે ધીમે પોતાનો ચૂંટણી ઢંઢેરો બહાર પાડી રહ્યા છે. આ સંદર્ભે શુક્રવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને યુપી પ્રભારી અને કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીમાં યુવા મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો. પાર્ટીએ યુવાનોની રોજગારી, પરીક્ષા ફી અને ભરતીમાં પારદર્શિતા જેવા મુદ્દાઓ પર પોતાનો મત રજૂ કર્યો છે.આને ભરતી વિધાન એટલા માટે કહેવાયું કારણ કે યુપીમાં સૌથી મોટી સમસ્યા ભરતીની છે. આજે યુવાનો નાખુશ છે, પીડિત છે, લાયકાત ધરાવે છે પણ તેમને રોજગાર મળતો નથી. અમારો પ્રયાસ રહ્યો છે કે યુવાનોની દરેક સમસ્યાનો આ ભરતી કાયદામાં સમાવેશ કરવામાં આવે.

આ ભરતી કાયદામાં યુવાનોને ૨૦ લાખ નોકરીઓ આપવાનું કહેવામાં આવ્યું છે. શિક્ષકોની ૧.૫૦ જગ્યાઓ પણ ભરવામાં આવશે. અમે જોયું છે કે ભરતીમાં વિલંબ, પેપર લીક વગેરે થાય છે, તેથી આ સમસ્યાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.આ કાયદામાં, ભવિષ્યના નિર્માણ માટે પણ એક વિભાગ છે એટલે કે યુવાનો માટે રોજગાર કેવી રીતે શરૂ કરવી.યુપીની યુનિવર્સિટીઓમાં થોડા વર્ષોથી ચૂંટણી નથી થઈ રહી તેથી તેના માટે પણ પગલા લેવામાં આવશે એક વિભાગ યુવાનોની સુખાકારીની પણ વાત કરે છે. જેમાં તેમના સ્વાસ્થ્યથી લઈને અન્ય બાબતોનો સમાવેશ થશે. આ કાયદામાં રાજયના સાત કરોડ યુવાનોને ટાર્ગેટ કરવામાં આવ્યા છે. યુનિવર્સિટી, કોલેજ, ડોક્ટર, પોલીસ, આંગણવાડી કાર્યકરોમાં મોટી સંખ્યામાં ખાલી જગ્યાઓ છે જે ભરવામાં આવશે. સંસ્કૃત યુનિવર્સિટીઓમાં શિક્ષકોની જગ્યાઓ પર ભરતી, ઉર્દૂ શિક્ષકોની પણ કરવામાં આવશે. જ્યાં એક જ ઉદ્યોગની ૧૦૦થી વધુ ફેકટરીઓ છે તેને કલસ્ટર બનાવવામાં આવશે. ભરતી પ્રક્રિયામાં જે યુવાનોનો વિશ્વાસ ઉઠી ગયો છે તે પુનઃસ્થાપિત કરવામાં આવશે. ભરતી માટે ફોર્મ ભરવા માટે કોઈ પૈસા નહીં હોય, ટ્રેન, બસ વગેરેમાં આવવા-જવા માટે કોઈ પૈસા લેવામાં આવશે નહીં. જોબ કેલેન્ડર તૈયાર કરવામાં આવશે જેમાં પરીક્ષાની તારીખથી નિમણૂકની તારીખ સુધીનું ચુસ્તપણે પાલન કરવામાં આવશે. જો નહીં, તો દંડ વસૂલવામાં આવશે. અનામત કૌભાંડ અને ભરતી કૌભાંડ જેવા કૌભાંડો પર અંકુશ આવશે. અમારી સરકાર આવશે ત્યારે શિક્ષણનું બજેટ વધારવામાં આવશે. યુનિવર્સિટી અને કોલેજોમાં ફ્રી વાઈ-ફાઈ, લાઈબ્રેરી, મેસ વગેરેની સુવિધા વધારવામાં આવશે. તમામ કોલેજો અને યુનિવર્સિટીઓમાં ઈઉજી માટે પ્રી અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ માટેની જોગવાઈ પણ હશે. સિંગલ વિન્ડો પણ ખોલવામાં આવશે. રોજગારની નવી તકો ઉભી થશે. નદી પર નિર્ભર સમુદાયો માટે વિશેષ કાર્ય કરવામાં આવશે. રોજગાર માટે ૧ લાખની લોન ૫ ટકા વ્યાજે મળશે. યુપીમાં ડ્રગ્સનો દુરુપયોગ ઘણો વધી ગયો છે, તેના ઉકેલ માટે લખનઉમાં એક કેન્દ્ર હશે અને તેમાં ચાર હબ હશે, જે કાઉન્સેલિંગ વગેરે દ્વારા યુવાનોને ડ્રગ્સથી દૂર કરશે. અમે દર વર્ષે યુવા ઉત્સવનું આયોજન કરવા માંગીએ છીએ, જેનાથી સ્થાનિક સાંસ્કૃતિક વિકાસ થશે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રિકેટ એકેડમી બનાવવા માંગે છે. જે રમતો સ્થાનિક સ્થળોએ વધુ લોકપ્રિય છે, તે જ ઝોનમાં તેને ઓલિમ્પિક સ્તર સુધી વધારવા માટે, ત્યાં એકેડેમી બનાવવામાં આવશે.

રાહુલ ગાંધીએ કહ્યું કે દેશમાં પરિવર્તનની જરૂર છે જેની શરૂઆત ઉત્તર પ્રદેશથી જ થઈ શકે. નરેન્દ્ર મોદીએ ભારતને આપેલું વિઝન નિષ્ફળ ગયું છે. આપણા યુવા, જે આપણી સૌથી મોટી શક્તિ છે, તેને પીએમ મોદીએ ડેમોગ્રાફિક ડિઝાસ્ટરમાં ફેરવી દીધી છે. દેશને જે વિઝન જોઈએ છે તે માત્ર કોંગ્રેસ જ આપી શકે છે. આજે દેશમાં ૪૦ વર્ષમાં સૌથી વધુ બેરોજગારી છે તે દેશનું વિઝન ન હોઈ શકે. જો યુપીને નવું વિઝન નહીં આપવામાં આવે તો દેશને પણ ન આપી શકાય. એટલા માટે અમે યુપીના યુવાનો માટે એક નવું વિઝન તૈયાર કર્યું છે.

# આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : પરિવારના સહયોગથી કાર્ય સરળ બનશે, સમાજ કુટુંબમાં માન સન્માન મળશે, જૂના મિત્રોની મુલાકાતથી મન પ્રસન્ન રહે, નોકરી-ધંધામાં અનુકૂળતા જણાય.

વૃષભ (બ.વ.ઉ.) : આકસ્મિક ધનલાભની સંભાવના પ્રબળ બને, ધંધામાં લાભ-આર્થિક સદ્ધરતા મળે, વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સમય છે, પારિવારિક શાંતિ જળવાય.

મિથુન (ક.છ.ઘ.) : આર્થિક સ્થિતિ મજબૂત બને, પરિવારમાં સારા કામનું આયોજન થાય, સંપત્તિ વાહન ખરીદવાના યોગ બને, અગત્યના કાર્યોમાં અનુકૂળતા જણાય.

કર્ક (ડ.હ.) : વડીલોના આશીર્વાદથી કામ સફળ બને, પરિવારમાં વાતાવરણ આનંદમય રહે, નવી વસ્તુઓ ખરીદવાથી લાભ થાય, સુખ-સમૃદ્ધિમાં વૃદ્ધિના યોગ જણાય.

સિંહ (મ.ટ.) : નવા કામકાજની શરૂઆતથી લાભ થાય, પોતાની મહેનત-પરિશ્રમમાં ધ્યાન આપવું, પ્રયાસ કરવાથી કાર્યમાં સફળતા મળે, જમીન-જાયદાદ સંપત્તિમાં વડીલોની સલાહ લેવી.

કન્યા (પ.ઠ.ણ.) : પોતાની જાતને ઓળખો-સફળતા મળશે, આવકના નવા દ્વાર ખુલશે, સંતાનો માટે મહત્વના નિર્ણયો લેવાય, પારિવારિક શાંતિ જળવાય.

તુલા (ર.ત.) : આર્થિક સ્થિતિ મજબૂત બને,ધંધામાં ધનલાભની સંભાવના, મિત્રો પરિવારથી ઉત્તમ સહયોગ, વિદ્યાર્થીઓ માટે અનુકૂળતા વધે.

વૃશ્ચિક (ન.ય.) : કામકાજમાં જવાબદારી વધે, વ્યવસાયિક નિર્ણયોમાં લાભ થાય, દામ્પત્ય જીવન આનંદમય રહે, ધાર્મિક કાર્યોમાં રુચિ વધે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : રાજકાજમાં વિજયની સંભાવના પ્રબળ બને, સાહસ પરાક્રમથી સફળતા મળે, નોકરીમાં પ્રગતિ ઉત્તમ પદપ્રાપ્તિની સંભાવના, ધંધામાં ધીમી ગતિએ લાભ જણાય.

મકર (ખ.જ.) : સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવાય, જમીન-વાહન લેવા માટે સારો સમય, પરીક્ષાલક્ષી કાર્યોમાં સફળતા મળે, માતા મોસાળથી ઉત્તમ સ્નેહ મળે.

કુંભ (ગ.શ.સ.ષ.) : શત્રુપક્ષે સાવધાની જરૂરી છે, વિવાદિત કાર્યોથી દૂર રહેવું, ભાઈભાંડુ વડીલવર્ગથી લાભ થાય, મુસાફરીના યોગો જણાય છે.

મીન (દ.ચ.ઝ.થ.) : મનગમતા કાર્યોમાં વિશેષ ધ્યાન આપો, પરિવારમાં વાણી દ્વારા કલેશ જણાશે, ધન સંબંધી ચિંતાઓ હળવી થશે, સ્વાસ્થ્ય બાબતે સંભાળવું.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૬૯ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

સમગ્ર ગુજરાતમા હવે કોરોના કહેર વર્તાવી રહ્યો છે. તેવા સમયે દાહોદ શહેર સહિત જિલ્લામાં પણ કોરોના પ્રસરી રહ્યો છે.તેમાય દાહોદ શહેરમાં કોરોનાનો વિસ્ફોટ થઈ રહ્યો છે. દિનપ્રતિદિન દાહોદમાં વધતા જતા કોરોનાના કેસોને લઈને લોકોમાં ગભરાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે તંત્ર હજીયે વધુ સક્રિય થયું નથી અને શહેરીજનો જાગૃત નહીં થાય તો શહેરમાં હવે સ્થિત નિયંત્રણમાં નહી રહે તે નિશ્ચિત છે. આજે દાહોદ જિલ્લામાં ૬૯ કેસો જ્યારે દાહોદ શહેરમાં ૨૬ કેસો આવ્યાં છે.

દાહોદ જિલ્લામાં ગત વર્ષના અંતિમ દિવસોમાં માંડ એકાદ–બે કોરોનાના દર્દી મળતાં હતાં. ત્યાર બાદ કેટલાય દિવસ રિપોર્ટ નેગેટીવ આવતા જિલ્લાવાસીઓએ હાશકારો અનુભવ્યો હતો અને લોકો બેફીકરાઈથી ફરતાં હતાં. નવા વર્ષના પ્રારંભથી દાહોદમાં કોરોનાનો આલેખ ઝડપભેર વધી રહ્યો છે. જાન્યુઆરીના પ્રથમ પખવાડીયામાં આવેલા કુલ ૨૯૧ કેસોમાં દાહોદ શહેરના ૨૧૫ કેસો થતાં કોરોનાએ કેર વર્તાવ્યો હોય તેમ લાગી રહ્યું છે.

સમગ્ર દાહોદ શહેરને કોરોનાએ અજગરી ભરડામાં જકડી લીધું છે. રોજબરોજ કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થતા દાહોદવાસીઓમાં ગભરાટ વ્યાપી જવા પામ્યો છે. દાહોદની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કોરોનાનો પગપેસારો થઈ રહ્યો છે. દાહોદમાં એકતરફ કેસો વધી રહ્યા છે. તેમ છતા બજારમાં ભારે ભીડ જોવા મળી રહી છે. સોશ્યલ ડીસ્ટન્સનું પાલન થતું નથી. તેમજ માસ્ક વગર ફરતા લોકો જોવા મળી રહ્યા છે. ત્યારે ૬ કિલોમીટરની ત્રિજ્યામાં વસેલા અને એક લાખ ઉપરાંતની વસ્તી ધરાવતા દાહોદ શહેરમાં કોરોના ઉપર કાબુ મેળવવા તંત્ર કક્ષાએથી કડક નિર્ણય કે કડકાઈ જોવા મળતી નથી. તેમજ શહેરીજનો જાગૃત નહી થાય તો દાહોદ શહેર સહિત જિલ્લા માટે હોસ્ટપોટ બની શકે છે.

દાહોદ જિલ્લામાં આજે ૬૯ કોરોનાના પોઝીટીવ કેસો નોંધાયા જેમાં આરટીપીસીઆરના ૨૦૫૫ પૈકી ૨૬ અને રેપીડ ટેસ્ટના ૭૯૩ પૈકી ૪૩ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આજે વધુ ૨૬ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. દાહોદ જિલ્લામાં કોરોનાના કુલ ૭૭૭૮ કેસો પોઝીટીવ નોંધાઈ ચુક્યાં છે.

લાલ પાણીની દહેશત

# દાહોદ પાસે લક્ષ્મી નગર વિસ્તારમાં લાલ પાણી આવતા સ્થાનીકોનો STP પ્લાન્ટ પર હલ્લો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર પાસે આવેલ લક્ષ્મી નગર વિસ્તાર ખાતે બોરિંગનું પાણી લાલ રંગનું નીકળતા સ્થાનિક લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે. જાણવા મળ્યા પ્રમાણે નજીકમાં આવેલ એસ.ટી.પી પ્લાન્ટના કારણે બોરિંગનું પાણી દૂષિત થયાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. ત્યારબાદ આજે લોકો જાતે જ પ્લાન્ટ પર પહોંચ્યા હતા અને જાત તપાસ હાથ ધરી હતી. હવે ત્રસ્ત નાગરિકો આંદોલનના મૂડમા જણાઈ રહ્યા છે.

દાહોદ શહેરના લક્ષ્મીનગર વિસ્તારમા છેલ્લા કેટલાંક દિવસોથી બોરીંગમાં લાલ રંગનું પાણી આવી રહ્યુ છે. ધીમે–ધીમે ૬૦ ટકા જેટલા ઘરોમાં બોરિંગનું પાણી લાલ રંગનુ આવવા લાગ્યુ છે. લાલ કલરનું બોરિંગનું પાણી જોતાજ સ્થાનિકો અચંબામાં મુકાઈ ગયા હતા અને એકક્ષણે સૌ કોઈ સ્તબ્ધ થઇ ગયા હતા. આ પાણી કઈ રીતે લાલ થઇ ગયું તેવા અનેક સવાલો હાલ લોકોમાં વહેતા થવા પામ્યા છે. પરંતુ જાણવા મળ્યા પ્રમાણે નજીકમાં બનેલ એસ.ટી.પી પ્લાન્ટના કારણે પાણી દૂષિત થયાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે. પાણીના પરીક્ષણમાં કોઈક તત્વોનુ પ્રમાણ વધારે આવતાં સ્થાનિક લોકોમાં ભયનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે આ પાણી પીવા માટે જોખમકારક હોવાનું પરીક્ષણમાં સામે આવ્યું છે.આ વિસ્તાર પાલિકામા સમાવિષ્ટ નથી અને દાહોદ ગ્રામ્યમા આવે છે. ત્યારે રજુઆતો કરવા છતાંય નિરાકરણ ન આવતાં હવે રોષે ભરાયેલા લોકો આજે પ્લાન્ટ પર પહોંચી ગયા હતા અને જાતે તપાસ હાથ ધરી હતી. અધિકારીઓને પણ ફોન કરીને બોલાવવાની કોશિષ કરી હતી, પરંતુ હવે સ્થાનીકો ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવવાની તૈયારીમાં જણાઈ રહ્યા છે.

# દાહોદના સાસંદ જશવંતસિંહ ભાભોરનો પાર્લામેન્ટ્રી બોર્ડમાં પુનઃ સમાવેશ કરાતાં ભાજપમાં ખુશીની લહેર



દાહોદ,

દાહોદ જિલ્લામાં ભાજપાનું સંગઠન માળખુ લગભગ સંપૂર્ણતઃ તૈયાર થઇ ચુક્યુ છે.ચુંટણી માટે તમામ કક્ષાએ તૈયારીઓ ચાલી રહી છે. તેવા સમયે જ દાદોદના સાંસદનો પાર્લામેન્ટ્રી બોર્ડમાં ફરીથી સમાવેશ કરાતાં કાર્યકર્તાઓમાં આનંદની લહેર દોડી ગઇ છે. સાંસદને ચારેકોરથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ત્યારે સોશ્ય મિડીયામાં પણ શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

દાહોદ જિલ્લા ભાજપામાં સંગઠનની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે અને નિત નવા કાર્યક્રમો પણ યોજાઇ રહ્યા છે. ત્યારે જિલ્લામાં તમામ ૯ તાલુકા અને ત્રણ શહેરના મળી ૧૨ મંડળોની બેઠક એક સાથે ગુરૂવારના રોજ મળી હતી. જેમાં દરેક મંડલમાં ખાસ માર્ગદર્શકને મોકલવામાં આવ્યા હતા અને તેમના દ્વારા આગામી સમયમાં થનાના કાર્યક્રમો વિશે સમજ આપવામાં આવી હતી. આમ દાહોદ જિલ્લામાં ભાજપા ચુંટણી મામલે સક્રિય દેખાઈ રહ્યું છે. ત્યારે કોંગ્રેસ દ્વારા પણ હાલમાં જ કેટલીક જાહેરાતો બાદ તાલીમના કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. તેવા સમયે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દ્વારા શુક્રવારે ગુજરાત પાર્લામેન્ટ્રી બોર્ડની જાહેરાત કરવામાં આવી છે. જેમાં રાજ્યના શીર્ષસ્થ નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. અતિમહત્વનાં લેખાતા એવા પાર્લામેન્ટ્રી બોર્ડમાં દાહોદના સાસંદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જશવંતસિંહ ભાભોરનો પણ બીજી વાર સમાવેશ કરવામાં આવ્યો છે. તેઓ ૧૯૯૫થી ધારાસભ્ય તરેકી ચુંટાતા હતા અને રાજ્ય સરકારમાં મંત્રી પણ રહી ચુક્યા છે. ત્યારબાદ ૨૦૧૪માં સંસદ સભ્ય તરીકે ચુંટાયા બાદ કેન્દ્રીય મંત્રી મંડળમાં આદિજાતિ રાજ્યમંત્રીની જવાબદારી પણ નિભાવી હતી. ત્યાર બાદ ૨૦૧૯માં પણ પુનઃસંસદ સભ્ય પદે ચુંટાઇ આવ્યા છે. ત્યારે રાજ્યમાં આદિવાસી તેમજ સીનીયર નેતા હોવાથી મધ્ય ગુજરાતમાંથી તેઓને સ્થાન આપવામાં આવ્યુ હોવાનું રાજકીય પંડિતોનુ માનવુ છે.જાહેરાત થતાની સાથે જ કાર્યકર્તાઓએ અભિનંદનની ઝડી વરસાવી હતી. ત્યારે સોશ્યલ મિડીયામાં પણ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.જિલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઇ આમલીયારે પણ તેઓએ અભિનંદન પાઠવતાં જણાવ્યુ હતું કે, દાહોદ જિલ્લા અને રાજ્યના સમગ્ર આદિવાસી સમાજ માટે આ ગૌરવની ઘટના છે.

# દે. બારીયા શહેરમાં નવી મદીના મસ્જીદનું હમઝર અશરફના હસ્તક ઈફતેદા થઈ

દે.બારીયા,

દે.બારીયા શહેરના ધાનપુર રોડ ઉપર છેલ્લા ત્રણ–ચાર વર્ષથી મનસુરી સુન્ની મુસ્લીમોના દ્વારા મદીન મસ્જીદનું બાંધ કાર્યરત હતો. તેનું તા.૨૧/૦૧/૨૦૨૨ના શુક્રવારના રોજ નમાઝે જુમ્મા હજરત શૈખુબ ઈસ્લામ મદની અશરફ ફીયા જીલાનીના શાહ બજાદા હજરત હમઝા અશરફની ઈફતેદારમાં નમાઝે જુમ્મા પડવામાં આવી હતી. મોટી સંખ્યામાં મનસુરી કચો મીનીટીના માણસો તથના નૌજવાનો તથા કસ્બાના નૌજવાનો એ નવી મદીના મસ્જીદમાં નમાઝે જુમ્મા અદા કરીને પોતાને ધન્યતા અનુભવી રહ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના ધાનપુર રોડ વિસ્તારમાં નવિન મદીના મસ્જીદનું શુક્રવાર રોજ ઈફતેદાર એટલે ઉદ્ઘાટન પીરજાદાના હસ્તક નમાઝે જુમ્મા અદા કરીને થવા પામ્યું. જેથી ખાસ કરી મનસુરી કોમ્યુનીટીની એક મસ્જીદ બની જતા ખુશીની લહેર જોવા મળી હતી. જેમાં તમામ સુન્ની મુસ્લીમોના સાથ સહકારથી આ કાર્ય પાર પાડવામાં આવ્યું છે.

જેમાં ખાસ ભૂમિકા આશીફભાઈ મન્સુરી તથા ઈલ્યાસભાઈ મન્સુરીની તનતોડ મહેનત થી અને તમામ કોમ્યુનીટીના સાથ સહકારથી આટલું મોટું કાર્ય પાર પાડયું હતું. જેના બદલ તમામ બીરાદરો આના માટે સહયોગી થયા છે. આ મદીના મસ્જીદમાં કાર્યકારી તરીકે અલ્લામાં મુફતી કાસીમ રઝા મિસ્બાહીને ઈમામત કરવા માટે નિયુકત કરેલ છે. તેવા પ્રાથમિક સુત્રોના દ્વારા જાણવા મળેલ છે.

# સીંગવડના કટારાની પાલ્લી ગામે ઝાડ કાપવા મામલે ઝગડામાં મારામારી

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના કટારાની પાલ્લી ગામે નીલગીરીના ઝાડ કાપવા મામલે થયેલ ઝઘડામાં સગા ભાઈએ સગા ભાઈને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૦મી જાન્યુઆરીના રોજ કટારાની પાલ્લી ગામે નીચવાસ ફળિયામાં રહેતાં ભરતભાઈ રામસીંગભાઈ ગોચરાના પિતા રામસીંગભાઈ પોતાના ભાગમાં આવેલ જમીનમાં નીલગીરીના વેચાણ માટે કાપતાં હતાં. આ દરમ્યાન ગામમાં રહેતો પોતાનો છોકરો ભોપતભાઈ રામસીંગભાઈ ગોચરાએ નીલગીરીના ઝાડ નહીં કાપવા મામલે ઝઘડો તકરાર કરી પોતાના સગાભાઈ ભોપભાઈ સાથે ઝઘડો તકરાર કરતાં ભરતભાઈએ પોતાના સગાભાઈ ભોપતભાઈને કહેલ કે, તું ઝઘડો નથી કરે, તેમ કહેતાં ભોપતભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ તું મને કોણ કહેવા વાળો, તેમ કહી લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ભરતભાઈને માથાના ભાગે તેમજ શરીરે લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત ભરતભાઈ રામસીંગભાઈ ગોચરાએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ શહેરના હરસોલાવાડ ખાતેથી ઘરના આંગણે પાર્ક કરેલ ટું વ્હીલરની ચોરી

દાહોદ,

ગત તા.૧૫મી જાન્યુઆરીના રોજ દાહોદ શહેરના હરસોલાવાડ ખાતે રહેતાં શશાંકભાઈ દિનેશચંદ્ર ગાંધીએ પોતાની એકટીવા ટુ વ્હીલર વાહન પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી. રાત્રીના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ પોતોનો કસબ અજમાવી એક્ટીવ ટુ વ્હીલરનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે શશાંકભાઈ દિનેશચંદ્ર ગાંધીએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નવજીવન સાયન્સ કોલેજ ખાતે શોધ બચાવ તથા પ્રાથમિક સારવાર તાલીમ કાર્યક્રમ યોજાયો

દાહોદ,

નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં એન.એસ.એસ.એકમ દ્વારા ડી.આર.એમ. અને આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત શોધબચાવ તથા પ્રાથમિક સારવાર તાલીમનો કાર્યક્રમ યોજાયો.

તા.૨૦/૦૧/૨૨, દાહોદ, નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ માં ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, ગાંધીનગરના સહયોગથી કોલેજ એન.એસ.એસ. એકમ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ – શ્રેષ્ઠ ભારત કે પાંચ પ્રકલ્પ અને ડી.આર.એમ. કાર્યક્રમ અંતર્ગત શોધબચાવ તથા પ્રાથમિક સારવાર તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તાલીમ તજજ્ઞ તરીકે નિલેશભાઇ વેજપરા (Red Cross Authoruzed First Aid Trainer) ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા વિદ્યાર્થીઓને શોધબચાવ તથા પ્રાથમિક સારવારની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને પ્રત્યક્ષ પ્રદર્શન બતાવી ખુબ સરસ માહિતિ આપવામાં આવી. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. ગૌરાંગ ખરાદી, એન.એસ.એસ. પી.ઓ. ડો.શ્રેયસ પટેલ, સ્ટાફ સભ્યો તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# સંજેલી તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં ડે.સરપંચની વરણી માટે રાજકારણ ગરમાયુ

દાહોદ,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતની ચુંટણીનુ પરિણામ જાહેર થઈ ચુકયુ છે. અને શુક્રવારના રોજ ડે.સરપંચની વરણીને લઈને સ્પષ્ટ બહુમતી ન ધરાવતા સરપંચના ટેકેદારોમાં દોડધામ મચી જવા પામી છે. જેથી રાજકારણ ગરમાયુ છે. ૧૦ ગ્રામ પંચાયતોમાં સ્પષ્ટ બહુમતી છે સંજેલી કોટા, ચમારિયામાં કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. સંજેલી ગ્રામ પંચાયતના મહિલા ડે.સરપંચ બનાવવા માટે દાવેદાર સહિત સભ્યોને જુનાગઢ જિલ્લાના પ્રવાસે લઈ જવાયા છે.

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના માંડલી ગ્રામ પંચાયત મહિસા સમરસ થતાં ૧૨ ગ્રામ પંચાયતોની ચુંટણી યોજાઈ હતી. જેમાં પ્રતાપપુરા, થાળા સંજેલી, ચમારિયા જુસ્સા, સંજેલી પંચાયતને બાદ કરતા સાથ પંચાયતોમાં ઘરના જ સરપંચો રિપીટ થયા છે. જયારે ૨૧ મીને શુક્રવારના રોજ તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં ડે.સરપંચની વરણીને લઈને ચુંટાયેલા સભ્યોમાં ખેંચતાણનો દોર શરૂ થતાં ફરી એક વખત રાજકારણ ગરમાયુ છે. ચારેકોર કોના શિરે જશે ડે.સરપંચનો તાજની ચર્ચા જામી છે.

સંજેલીમાં ચુંટાયેલા સરપંચના બે સભ્યો હોવાથી પોતાની પેનલનો સભ્ય ડે.સરપંચ બને તે માટે દાવેદારી કરનાર સભ્યે અપક્ષ સહિતના ચુંટાયેલા સભ્યો લઈને જુનાગઢ પ્રવાસે રવાના થયા છે. જયારે નેનકી, જસુણી, માંડલી, હિરોલા, પીછોડા પંચાયતોમાં સ્પષ્ટ બહુમતી છે. પ્રતાપપુરા, થાળાસંજેલી, ગોવિંદાતળાઈ, જુસા, ઢેડીયામાં ફિફટી–ફિફટી છે. પરંતુ સરપંચના મત સાથે સ્પષ્ટ બહુમતી છે જયારે સંજેલી–૨, કોટા–૩, ચમારિયા–૩ ચુંટાયેલા સરપંચના સભ્યો હોવાથી ડે.સરપંચની વરણી માટે કાંટાની ટક્કર જામશે તેમ જોવાઈ રહ્યુ છે.

# દાહોદની નાની ભીટોડી ગામે જુની અદાવત રાખી ધીંગાણું મચાવી ચાર વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ તાલુકાના નાની ભીટોડી ગામે ઝઘડાની અદાવત રાખી સાત જણાએ ભેગા મળી મહિલા સહિત ચાર જણાને લોખંડના સળીયા વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

ગત તા. ૨૦મી જાન્યુઆરીના રોજ નાની ભીટોડી ગામે રહેતાં વિનોદભાઈ ટીટુભાઈ ડામોર, દિનેશભાઈ ટીટુભાઈ ડામોર, તોફાનભાઈ ટીટુભાઈ ડામોર, કૈલાશભાઈ ટીટુભાઈ ડામોર, સુરેશભાઈ તોફાનભાઈ ડામોર, મુકેશભાઈ તોફાનભાઈ ડામોર અને વિપુલભાઈ કૈલાશભાઈ ડામોરનાઓએ એકસંપથ થઈ પોતાની સાથે લોખંડની પાઈપ જેવા મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં મનાભાઈ ધારજીભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમોએ ગઈકાલે તોફાનભાઈ ટીટુભાઈ સાથે કેમ ઝઘડો કરેલ છે, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને લોખંડના સળીયા વડે દિલીપભાઈ મનાભાઈ ડામોર, શકરીબેન મહેન્દ્રભાઈ ડામોર, નિર્મળભાઈ ગવરસીંગભાઈ અને મનીષાબેન સારેશભાઈને શરીરે, હાથે પગે તેમત માથાના ભાગે માર મારી તેમજ ગડદાપાટ્ટુનો માર મારી ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે મનાભાઈ ધારજીભાઈ ડામોરે કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હબીબગંજ સ્ટેશનનું નામ બદલવાના નિર્ણય મામલે PILને કોર્ટે ફગાવી, ૧૦ હજારનો દંડ ફટકાર્યો



હબીબગંજ,

મધ્યપ્રદેશ હાઈકોર્ટે હબીબગંજ સ્ટેશનનું નામ બદલીને રાણી કમલાપતિ સ્ટેશન કરવાના નિર્ણય સામે દાખલ કરવામાં આવેલી પીઆઈએલને ફગાવી દીધી છે. આ સાથે જ અરજી દાખલ કરનાર પર ૧૦ હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. હાઈકોર્ટે કહ્યું કે આ અરજી સસ્તી લોકપ્રિયતા મેળવવા માટે દાખલ કરવામાં આવી છે. જસ્ટિસ શીલ લાગુ અને જસ્ટિસ સુનીતા યાદવની બેન્ચે આ ચુકાદો આપ્યો હતો. આ અરજી સિઓનીના એડવોકેટ અહેમદ સઈદ કુરેશી દ્વારા દાખલ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ૧૯૭૩માં મુસ્લિમ ગુરુ હબીબ મિયાંએ સ્ટેશન બનાવવા માટે રેલવેને જમીન દાનમાં આપી હતી. ત્યારથી તે હબીબગંજ સ્ટેશન તરીકે જાણીતું હતું. કેન્દ્ર અને રાજ્ય સરકારોની સંમતિથી ૧૨ નવેમ્બર ૨૦૨૧ના રોજ હબીબગંજ સ્ટેશનનું નામ બદલીને રાણી કમલાપતિ સ્ટેશન રાખવામાં આવ્યું છે. અરજદારે આની સામે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને રજૂઆત કરી હતી અને ચોક્કસ ધર્મના લોકોના બંધારણીય અધિકારોનું રક્ષણ અને રક્ષણ કરવાની વિનંતી કરી હતી. રજૂઆત પર કોઈ પગલાં ન લેવા માટે અરજી કરવામાં આવી હતી.

અરજીમાં માંગ કરવામાં આવી હતી કે સ્ટેશનનું નામ બદલીને પહેલાની જેમ હબીબગંજ કરવામાં આવે. આના પર બેંચે કહ્યું કે રેલ્વે સ્ટેશન જાહેર કારણોસર બનાવવામાં આવ્યું છે. ટ્રેનની મુસાફરી માટે સ્ટેશનો બનાવવામાં આવે છે અને તેમાં સુવિધાઓ અને ગુણવત્તા મહત્વપૂર્ણ રહે છે. સુવિધાના આ કાર્યને કોઈ ચોક્કસ રેલવે સ્ટેશનના નામ સાથે કોઈ લેવાદેવા નથી. સસ્તી લોકપ્રિયતા માટે આ અરજી દાખલ કરવામાં આવી છે.

# નવી સંસદના અંદાજિત ખર્ચમાં ૨૦૦ કરોડનો વધારો

નવીદિલ્હી,

સ્ટીલ, ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વસ્તુઓની કિંમતોમાં વધારાને કારણે નવી સંસદ ભવનનો અંદાજીત ખર્ચ રૂ. ૨૦૦ કરોડ વધશે. સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ ટૂંક સમયમાં આ વધારા માટે લોકસભા સચિવાલય પાસેથી મંજૂરી મેળવે તેવી શક્યતા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવા સંસદ ભવનનાં નિર્માણ માટેની નોડલ એજન્સી CPWDએ આ મહિનાની શરૂઆતમાં લોકસભા સચિવાલય પાસે ખર્ચ વધારવાની મંજૂરી માંગી હતી. આ વધારા બાદ ખર્ચ ૧૨૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચી જશે. નવી સંસદ ભવન બનાવવાનું કામ વર્ષ ૨૦૨૦માં ૯૭૧ કરોડ રૂપિયામાં ટાટા પ્રોજેક્ટ્સને સોંપવામાં આવ્યું હતું. બાંધકામ ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. સરકારની યોજના વર્ષ ૨૦૨૨નું શિયાળુ સત્ર નવા બિલ્ડિંગમાં યોજવાની હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટની કિંમત વધવા પાછળનું મુખ્ય કારણ સ્ટીલની વધતી કિંમત છે. આ બિલ્ડીંગ હવે સિસ્મિક ઝોન-૫ના નિયમો અનુસાર બનાવવામાં આવી રહી છે. આધુનિક ઓડિયો વિઝ્યુઅલ સિસ્ટમના કારણે ઈલેક્ટ્રોનિક્સ સાધનોની કિંમત પણ વધી છે. બંને ગૃહોમાં સાંસદોની બેઠકો પર ટેબલેટ ગોઠવવાના છે. મિટિંગ રૂમ અને મંત્રીઓની ચેમ્બરમાં અત્યાધુનિક સાધનોનો ઉપયોગ કરવાનો છે. સુપ્રીમ કોર્ટના અનેક નિર્દેશોને કારણે પણ ખર્ચમાં વધારો થયો છે. ઉદાહરણ તરીકે, બાંધકામ સ્થળ પરથી ખોદવામાં આવેલી માટીને બાદરપુરના ઈકો પાર્કમાં લઈ જવામાં આવશે. તે વેચી શકાતું નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, લોકસભા સચિવાલય ટૂંક સમયમાં ખર્ચ વધારાના પ્રસ્તાવને મંજૂરી આપી શકે છે.

# ગરબાડાના નવાગામ ખાતેથી ૧૪ વર્ષીય સગીરાનું લગ્નની લાલચે અપહરણ

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નવાગામ ખાતેથી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી એક યુવક અપહરણ કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૨૮મી ડિસેમ્બરના રોજ ગરબાડા તાલુકાના ગુંગરડી ગામે હોળી ફળિયામાં રહેતો બાબુભાઈ રમણભાઈ બિલવાળે ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૪ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં નવાગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલીવારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.128

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## રાજ્ય સરકાર દ્વારા કોવિડની નવી ગાઈડ લાઈન જાહેર કરાઈ

# વધુ ૧૭ નગરોમાં ૨૨ જાન્યુઆરી થી રાત્રી કરફ્યુની અમલવારી

ગોધરા, રાજ્ય સરકાર દ્વારા કોરોના સંક્રમણના વધતા જતા કેસનો ધ્યાનમાં રાખીને કોવિડની નવી ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે. ૮ મહાનગરો બે શહેરો સહિત વધુ ૧૭ નગરોને રાત્રિ કરફ્યુની જાહેર કરવામાં આવી છે. જેમાં ગોધરાનો સમાવેશ કરતાં ૨૨ જાન્યુઆરી થી રાત્રીના ૧૦ થી ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુ રહેશે.

ગુજરાત રાજ્યમાં કોરોનાની ત્રીજી લહેરમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. વધતા જતા કોરોના સંક્રમણ ઉપર કાબુમાં લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા આજરોજ કોવિડની નવી ગાઈડ લાઈનની જાહેરાત કરવામાં આવી છે. જેમાં અગાઉ થી ૮ મહાનગરો અને બે શહેરોમાં રાત્રી કરફ્યુની અમલવારી કરાઈ રહી છે. ત્યારે આજરોજ સરકાર દ્વારા વધુ ૧૭ નગરોમાં ૨૨ જાન્યુઆરી થી રાત્રીના ૧૦ થી સવારના ૬ વાગ્યા સુધી શહેરે. જેમાં ગોધરા શહેરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગોધરા શહેરમાં ૨૨ જાન્યુઆરી થી રાત્રી કરફ્યુની અમલવારી કરાશે. રાત્રી કરફ્યુની ૨૯ જાન્યુઆરી સુધી કરવામાં આવી છે.

રાજ્યમાં રાત્રી કરફ્યુની જાહેરાત કરવામાં આવી છે. તેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, ગાંધીનગર, આણંદ, નડીઆદ, સુરેન્દ્રનગર, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, ધોરાજી, ગોંડલ, જેતપુર, કાલાવાડ, ગોધરા, વિજલપોર (નવસારી), નવસારી, બીલીમોરા, વ્યારા, વાપી, વલસાડ, ભરૂચ, અંકલેશ્વરનો સમાવેશ કરાયો છે. રાજ્યમાં આ શહેરો અને નગરોમાં

**ગોધરા શહેરમાં ૨૨ જાન્યુઆરી થી રાત્રીના ૧૦ થી ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુની અમલવારી કરાશે**

રાત્રીના ૧૦ થી સવારે ૬ વાગ્યા સુધી રાત્રી કરફ્યુનો અમલ કરવાનો રહેશે.

રાજ્ય સરકાર દ્વારા ૨૨ જાન્યુઆરી થી ૨૯ જાન્યુઆરી સુધી જાહેર કરાયેલ કોવિડની નવી ગાઈડ લાઈન મુજબ હોટેલ્સ, રેસ્ટોરન્ટને હોમ ડીલેવરી સેવા માટે ૨૪ કલાક ચાલુ રાખવાની છુટ આપવામાં આવી છે. જ્યારે લગ્ન પ્રસંગોમાં ૧૫૦ વ્યકિતઓને મંજુરી, અંતિમક્રિયામાં મહતમ ૧૦૦ વ્યકિતઓને મંજુરી, પબ્લિક તથા પ્રાઈવેટ બસમાં ૭૫ ટકા ક્ષમતા સાથે ચાલુ રહેશે. સીનેમા હોલ, જીમ, વોટરપાર્ક, સ્વીમીંગ પુલ, વાંચનાલયોમાં બેઠકના ૫૦ ટકા ક્ષમતા સાથે ચાલુ રહેશે.

## પંચમહાલ જીલ્લામાં આજરોજ કોરોનાના ૫૫ પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા, પંચમહાલ જીલ્લો કોરોનાના અજગરી ભરડામાં આવ્યો હોય તેવી સ્થિતી જોવા મળી રહી છે. જીલ્લામાં આજરોજ ૫૫ કોરોના પોઝીટીવ નવા કેસ નોંધાવાની સાથે જીલ્લામાં કોરોના સંક્રમિત એકટીવ દર્દીઓની સંખ્યા ૩૦૬ સુધી પહોંચી છે. જીલ્લામાં વધતા જતા કોરોના સંક્રમણને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે.

પંચમહાલ જીલ્લો હવે ત્રીજી વેવનો ભરડો વધતો જઈ રહ્યો છે. છેલ્લા બે દિવસમાં કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. તેમાં જીલ્લાના ગ્રામ્ય વિસ્તારો પણ કોરોના સંક્રમણના કેસમાં વધારો થઈ રહ્યો છે. તે ચિંતા ઉપજાવી રહ્યો છે. વધતા જતા કોરોના સંક્રમણના કેસને લઈ જીલ્લા આરોગ્ય વિભાગ વધુ સર્તક બન્યું છે. લોકોને કોવિડ ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવા સુચન અને સલાહ આપી માસ્ક અને સોશ્યલ ડીસ્ટન્સનું પાલન અવશ્ય કરવા ભાર મુકવામાં આવ્યો છે. સાથે કોરોના સંક્રમણ સામે રક્ષણ અપાતી કોરોના વેકસીનના ડોઝ લેવા લોકોને અપીલ કરી છે. જીલ્લામાં આજરોજ ૫૫ કોરોના પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેની સામે ૨૫ દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ દર્દીની સંખ્યા ૩૦૬ સુધી પહોંચી છે. ત્યારે લોકો જાગૃતા કેળવીને કોરોના સંક્રમણથી બચવા માટે કોવિડ ગાઈડ લાઈનનું પાલન કરે તે જરૂરી છે.

**પંચમહાલ જીલ્લામાં આજના કોરોના પોઝીટીવ કેસની સંખ્યા**

ગોધરા - ૧૧
હાલોલ - ૨૫
કાલોલ - ૦૧
ગોધરા (ગ્રામ્ય) - ૦૫
હાલોલ (ગ્રામ્ય) - ૦૪
કાલોલ (ગ્રામ્ય) - ૦૨
ઘોઘંબા - ૦૬
જાંબુઘોડા - ૦૨

## ઘોઘંબાના દુધાપુરા પંચાયતમાં સરપંચ અને સભ્યોને ગેરલાયક ઠેરવી ડે.સરપંચની નિમણૂંક કરાતા હોબાળો

ઘોઘંબા, દુધાપુરામાં સરપંચ અને સભ્યોને ગેરલાયક ઠેરવી એક તરફી નિર્ણય લઈ ડેપ્યુટી સરપંચની નિમણૂંક કરી દેતાં ભારે હોબાળો મચ્યો હતો. અધિકારીઓની મિલીભગતથી આયોજન પૂર્વક ષડયંત્ર રચાયું હોવાના આક્ષેપ. અધિકારી અધૂરી કામગીરીથી છોડી ફરાર થયા


તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા તાલુકાના દુધાપુરા ગ્રામ પંચાયતની આજે ડેપ્યુટી સરપંચની ચૂંટણી યોજાઈ હતી. જેમાં સરપંચ સહિત અન્ય સભ્યોને ગેરલાયક ઠેરવી સસ્પેન્ડ કરવાની નોટિસ આપતાં હોબાળો મચી ગયો હતો. બંને પક્ષોના ટોળા ગ્રામ પંચાયત કચેરીની બહાર એકઠા થયા હતા વગર નોટિસ સસ્પેન્ડ કર્યા હોવાનો આક્ષેપો કરી ચૂંટણી પ્રક્રિયાને લંબાવવાની વાત કરી હતી, પરંતુ આયોજનબદ્ધ રીતે ગોઠવાયેલા આ કાવતરામાં અધિકારીઓ પણ સંડોવાયેલા હોવાના આક્ષેપો થયા હતા. ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદાર બીડી ઠાકોર સરપંચ દ્વારા ચૂંટણી પ્રક્રિયાને લંબાવવાની અરજી આપતા તેમણે અરજી સ્વીકારી નહીં તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઈપણ જાતની નોંધણી કે મંતવ્ય લીધા વિના જ સ્થળ ઉપરથી રવાના થઈ ગયા હોવાનું સુરેશરાઠવા જણાવ્યું હતું. જે સભ્યોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા છે. તેઓ ડેપ્યુટી સરપંચ તરીકે અગાઉ ફરજ બજાવી ચુકયા છે. આજરોજ ચૌહાણ કિરણસિંહ અને રાઠવા મિલનભાઈએ ડેપ્યુટી સરપંચ માટે દાવેદારી નોંધાવી હતી. બંનેના ચાર ચાર સભ્યો હોય તેમજ સરપંચનો મત મિલન રાખવાને આપતાં પાંચ સાથે મિલન રાઠવા ડેપ્યુટી સરપંચ માટે દાવેદાર માનવામાં આવતા હતા. ત્યારે આજરોજ સરપંચ તથા એક સભ્યની ગેરલાયક ઠેરવવાનો હુકમ મળતાં બે મત રદ્દ થતાં કિરણ ચૌહાણને વિજેતા જાહેર કરી અધિકારી કોઈપણ જાતની પ્રક્રિયા પૂર્ણ કર્યા વિના તલાટી સાથે રવાના થઈ ગયા હતા. સામા પક્ષની દલીલ કે અરજી સ્વીકાર્યા વિનાનો હુકમને આધારે રદ કર્યા હોવાનું જણાવી સ્થળ છોડી દીધું હતું. ત્યારે બજાવવાની તેમજ ગેરલાયક ઠેરવવાની પ્રક્રિયા વિશે પૂછતાં અધિકારી ભરત ઠાકોરએ મને ખબર નથી હોવાનું જણાવ્યું હતું.આજ સવારથી ચૂંટણી પ્રક્રિયાને લઈ ગામનો માહોલગરમાયો હોય બન્ને પક્ષોના ટોળા પંચાયત કચેરી પાસે એકઠા થયા હતા અને દલીલો અને બોલાચાલી વચ્ચે મામલો ગરમાયો છે. પહેલા સ્થાનિક પોલીસે શાંત પાડી દીધો હતો.

## મોરવા(હ) તાલુકા મથકે MGVCL પેટા વિભાગની કચેરીનું મંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું



શહેરા, મોરવા હડફ તાલુકા મથક ખાતે એમ.જી.વી.સી.એલ પેટા વિભાગીય નવીન કચેરીનુ લોકાર્પણ આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારના વરદહસ્તે કરવામાં આવતા ૪૭ ગામના વીજ ઉપભોકતા ઓને વીજ પ્રશ્નો અંગે હવેથી અહીં રજૂઆત કરી શકશે તેમ છે. આ પ્રસંગે અધિક્ષક ઈજનેર એસ.એલ.વર્મા, તાલુકા પંચાયત પ્રમુખ તેમજ ગામના સરપંચ સહિત તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મોરવા હડફ તાલુકો હોવા છતાં તાલુકા લેવલની એમ.જી.વી.સી.એલ પેટા વિભાગીય કચેરીનો અભાવ હતો. વીજ ગ્રાહકોને સંતરામપુર અથવા સંતરોડ સુધી વીજળી અંગેના પ્રશ્નો રજૂ કરવા ત્યાં સુધી જવુ પડતુ હોવા સાથે સમયનો પણ વેડફાટ થતો હતો. જેને લઈને એમ.જી. વી.સી.એલના અધિક્ષક ઈજનેર એસ.એલ. વર્મા ને આ બાબતે જાગૃત વીજ ગ્રાહક દ્વારા રજૂઆત કરવામાં આવતા તેઓ દ્વારા તાલુકા મથક ખાતે એમ.જી.વી.સી.એલ કચેરી ની પેટા વિભાગીય કચેરી શરૂ કરવા માટે પ્રયત્નો કરતા મંજૂરી મળી ગઈ હતી. તાલુકા મથક ખાતે શુક્રવાર ના રોજ પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

એમ.જી.વી.સી.એલ કચેરીના અધિક્ષક ઈજનેર એસ.એલ. વર્મા, કાર્યપાલક ઈજનેર બી.આર.ગુપ્તા તેમજ ગામના સરપંચ લલિતાબેન દિનેશભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ધર્મિષ્ઠાબેન દિનેશભાઈ માલીવાડ, નાયબ ઈજનેર એમ. એ. ભોઈ તેમજ તાલુકાના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આરોગ્ય મંત્રી નિમિષાબેન સુથારના વરદ હસ્તે એમ.જી.વી.સી.એલની પેટા વિભાગીય નવીન કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. નવીન પેટા વિભાગીય કચેરી તાલુકા મથક ખાતે શરૂ થતા સંતરામપુર તાલુકાના ૧૯ગામો તેમજ મોરવા હડફ તાલુકાના ૨૮ગામો એમ કુલ ૪૭ગામના ૨૦૪૯૮જેટલા વીજ ગ્રાહકો હવેથી વીજળીના લગતા પ્રશ્નો અંગે અહીં રજૂઆત કરી શકશે તેમ છે. એમ.જી.વી.સી.એલની નવીન પેટા વિભાગીય કચેરી શરૂ થતા ૫૬ જેટલો સ્ટાફ અહીં ફરજ બજાવશે સાથે વીજ ઉપભોક્તા ઓની કરેલ રજૂઆત વહેલી તકે હલ થાય તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે.

## ગોધરાના વ્હોરવાડ પાણીની ટાંકી સામે ગોડાઉન માંથી કારમાં આવેલ ચોર ઈસમોએ ૭૦ હજારના મુદ્દામાલની ચોરી કરી

ગોધરા, ગોધરા શહેર વ્હોરવાડ પાણીની ટાંકી સામે આવેલ ગોડાઉનમાં ફોર વ્હીલ ગાડી લઈને આવે ચોર ઈસમોએ ગોડાઉનનું લોક તોડી ૭૦,૯૯૪/- રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતા આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર વ્હોરવાડ પાણીની ટાંકી સામે શબ્બીર અબ્બાસભાઈ વલી કરીમવાલાના ગોડાઉન માંથી મારૂતી સુઝુકી ઓમની કાર નંબર જી.જે.૧૮. એસી.૫૯૨૮ માં આવેલ અજાણ્યા ચોર ઈસમોએ ગોડાઉનનું લોક તોડી ગોડાઉનમાં પ્રવેશ કર્યો હતો અને ગોડાઉનનું લોક તોડી એલ્યુમીનીયમ કીટલી નંગ-૧૬૫ કિંમત ૨૯,૭૦૦/- રૂપીયા, કીટલી નંગ-૬૦ કિંમત ૧૩,૨૦૦/-રૂપીયા હોડીંગ કુકર નંગ-૫ કિંમત ૮,૪૯૨/-રૂપીયા, કાસ્ટીંગ સુપર નંગ-૬૬ કિંમત ૧૯,૬૦૨/-રૂપીયા મળીને કુલ ૭૦,૯૯૪/-રૂપીયાના મુદ્દામાલની ચોરી ચોર ઈસમો કરી જતાં આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ઘોઘંબાના ભીલોડ આંબાવાડી ફળીયા માંથી ૫૪ હજારનો દારૂ ઝડપ્યો

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ભીલોડ આંબાવાડી ફળીયામાં રહેણાંક મકાનના પાછળ ઘાસમાં દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૫૪,૯૬૦/- રૂપીયાનો જથ્થો ઝડપાઈ જવા પામ્યો હતો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના ભીલોડ આંબાવાડી ફળીયામાં રહેતા રાજેશ મહેન્દ્રસિંહ ચૌહાણ પોતાના ઘરના પાછળ વાડામાં ઘાસની નીચે દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રઈડ કરી હતી. રેઈડ દરમિયાન પ્લાસ્ટીક કવાટરીયા પેટી નંગ-૯, બીયર ટીન પેટી નંગ-૪ મળી કુલ ૫૪,૯૬૦/- રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે રાજગઢ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## વેજલપુર બસ સ્ટેશન નજીક થી પીકઅપમાં લઈ જવાતા ૫ ગૌવંશ બચાવી લેવાયા

વેજલપુર, કાલોલ તાલુકાના વેજલપુર હાઈવે રોડ ઉપર મહિન્દ્રા પીકઅપ ગાડીમાં કતલના ઈરાદે લઈ જવાતાં ૫ ગૌવંશ અને પીકઅપ ગાડીનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે વેજલપુર બસ સ્ટેન્ડ થી હાઈવે રોડ ઉપર થી મહિન્દ્રા પીકઅપ નંબર જીજે.૧૬.ઝેડ.૬૭૯૮માં ઘાસચારો કે પાણીની સગવડ વગર કતલના ઈરાદે પશુઓ લઈ જવાતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરતાં વાહન છોડીને ચાલક નાશી છુટીયો હતો. પોલીસના વાહન ચેકીંગ દરમીયાન ગાડી માંથી ગૌવંશ નંગ-૫ કિંમત ૧,૨૫,૦૦૦/-રૂપીયા તેમજ પીકઅપ ગાડી મળી રૂપીયા ૪,૨૫,૦૦૦/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે વેજલપુર પોલીસ મથકે ગૌવંશ એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા વ્હોરવાડ મેશરી નદીમાં જુગારધારા હેઠળ ફરિયાદ

ગોધરા, ગોધરાના વ્હોરવાડ મેશરી નદીની ઘાસમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા વ્હોરવાડ મેશરી નદીની ઘાસમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહ્યા છે. તેવી બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ફારૂન અબ્દુલ ગની મીઠા, સુલેમાન મહંમદ ભાગલીયાને ઝડપી પાડવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમો વિરૂદ્ધ જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરા તાલુકાના ભલાણીયા તલાટી કમ મંત્રીને કોર્ટે પાંચ હજારનો દંડ ફટકાર્યો

ગોધરા, ભલાણીયાના તલાટીને તોરણા અને ભલાણીયા પંચાયત ફાળવેલ હોવાથી ફકત બે દિવસ પુર્ણ સમય હાજર રહેવાનુ ફાળવેલ હતુ. તે મુજબ ભલાણીયામાં મંગળ અને શુક્રવાર હાજર રહેવાનુ હતુ. પરંતુ તલાટી અનિયમિત હોવાથી લોકો ત્રાહિત્રામ પોકાર્યા હતા. ત્યારે સભ્ય ગોપાલ પટેલને ગ્રામજનો તરફથી ફરિયાદો મળતા તલાટીને પંચાયતમાં રેગ્યુલર આવે એ માટે રજુઆતો કરી હતી. પરંતુ કોઈ જ કાર્યવાહી કરી ન હતી. અરજદારે રોજકામની વિગતો આરટીઆઈથી માંગી હતી ત્યારે આ માહિતી ૩૦ દિવસમાં નહિ મળતા અરજદારે ટીડીઓને પ્રથમ અપીલ કરતા તેની સુનાવણી દરમિયાન તલાટીએ કબુલ કરી હતી કે મેં આ રજીસ્ટર નિભાવેલ નથી પરંતુ પાંચેક દિવસમાં તમને માંગેલ માહિતી આપી દઈશ. આ હુકમના ૯ મહિના સુધી અરજદારને માહિતી નહિ આપતા ફરિયાદ દાખલ કરી હતી જેમાં કોર્ટ સમક્ષ તલાટી ખુલાસો આપી ન શકતા કોર્ટે ૫ હજારનો દંડનો હુકમ કર્યો હતો.